Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૧૫ • તા. ૦૯ એપ્રીલ ૨૦૧૮ થી ૧૫ એપ્રીલ ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

K.D.O STUDENTS ASSOCIATION Estd. 1954

## જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા
## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઈ

64 Shree KDO Students Association

### વ્યવસ્થાપક સમિતિ 2018 - 2019



શ્રી હેમીલ જયેશ દંડ
ઘાટકોપર (વરાડીયા)
પ્રમુખ



શ્રી ઉર્મીન જયેશ લોડાયા
ઘાટકોપર (સુથરી)
ઉપ-પ્રમુખ



કુ. એકતા ઉદયન લોડાયા
મુલુંડ (મોટી સિંધોડી)
માનદમંત્રી



શ્રી શુભમ મહેંદ્ર લાપસીયા
ડોંબીવલી (દલતુંગી)
સહ-માનદમંત્રી



કુ. લબ્ધી નિરેન લોડાયા
ઠાણે (નલીયા)
સહ-માનદમંત્રી



શ્રી રૂષભ ગુલાબ પોલડિયા
ભાંડુપ (ડુમરા)
માનદ-કોષાધ્યક્ષ



કુ. સૃષ્ટિ કિરીટ લોડાયા
ડોંબીવલી (સાંયરા)
સહ-કોષાધ્યક્ષ



શ્રી પ્રિંન્સ વિનિત ધરમશી
ડોંબીવલી (કોઠારા)
સહ-કોષાધ્યક્ષ



શ્રી અશ્વિન શાંતીલાલ લોડાયા
ઘાટકોપર (મોટી ખાવડી)
કારોબારી સભ્ય



શ્રી ચિરાગ પ્રકાશ લોડાયા
મસ્જીદ (સાંયરા)
કારોબારી સભ્ય



શ્રી મીત સંજય મૈશેરી
ડોંબીવલી (સાંધાણ)
કારોબારી સભ્ય



શ્રી તેજસ મહેંદ્ર ખોના
ભાંડુપ (જખૌ)
નિયુક્ત સભ્ય



શ્રી અનુજ ગિરીશ લોડાયા
ડોંબીવલી (રવા)
નિયુક્ત સભ્ય



શ્રીમતિ વિરાજ મયુર ધુલ્લા
મુલુંડ (જખૌ)
કો-ઓપ્ટ મેંબર



શ્રીમતિ ચાંદની પરેશ લાલકા
વાશી (લાલા)
કો-ઓપ્ટ મેંબર

### કાર્યાલય સમિતિ સભ્ય



શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
ચેંબુર (રવા)
કાર્યાલય સમિતિ સભ્ય



શ્રી રાયચંદ રતનશી નાગડા
મુંબઈ (નલીયા)
કાર્યાલય સમિતિ સભ્ય



શ્રી હિરાચંદ દામજી દંડ
અંધેરી (મંજલ રેલડીયા)
કાર્યાલય સમિતિ સભ્ય



શ્રી હેમીલ જયેશ દંડ
ઘાટકોપર (વરાડીયા)
પ્રમુખ



કુ. એકતા ઉદયન લોડાયા
મુલુંડ (મોટી સિંધોડી)
માનદમંત્રી

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી ગણેશાય નમઃ || || શ્રી સુરાપુરા દાદાય નમઃ ||

# ધુલ્લા પરિવાર ના શ્રી સચ્ચાઈ માતાજી ની પહેડી



## દાતા પરિવાર
## માતુશ્રી પાનબાઈ લક્ષ્મીચંદ દૌલત
## પરિવાર



પહેડીનો શુભ દિવસ

**વૈશાખ સુદ ૮ ને રવિવાર, તા. ૨૨ એપ્રીલ ૨૦૧૮**
**સવાર ના ૭.૩૦ કલાકે થી બપોર ના ૩.૦૦ કલાકે**
**સ્થળ :** રાષ્ટ્રીય શાળા બેંકવેટ હોલ, હિંગવાલા લેન, સ્ટેશનની બાજુમા, ઘાટકોપર (ઈ), મુંબઈ.

શ્રી સેવક ભરૂડીયા ગામે બિરાજતા ધુલ્લા પરિવાર ના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજી ની પહેડી માં ધુલ્લા પરિવાર તથા નિયાણી બહેનો ને સહકુટુંબ સમયસર પધારવા સપ્રેમ આમંત્રણ છે.

| | | | |
|---|---|---|---|
| ગણપતિ સ્થાપના | : ૭.૩૦ કલાકે | માં ની ભક્તિ ભાવ | : ૧૦.૩૦ કલાકે |
| ચા-નાસ્તો | : ૮.૦૦ થી ૯.૦૦ કલાકે | માં નો થાળ | : ૧૧.૩૦ કલાકે |
| માતાજી નું આગમન | : ૯.૦૦ કલાકે | માં ની આરતી | : ૧૨.૩૯ કલાકે |
| નૈવેદ્ય | : ૯.૩૦ કલાકે | | |

ત્યારબાદ પ્રસાદ અને પ્રિતી ભોજન

**ભક્તિ ગીતો-રાસગરબાની રમઝટ 'નૈતિક નાગડા' ની સંગાથે**

અગત્યની સુચના : વહેલા પ્રથમ આવનાર ૫૧ જણને લકકી નંબર આપી ડ્રો કુપન આપી આર્કષક ઈનામ આપવામાં આવશે. પહેડી માં કાળા વસ્ત્રો પરિધાન ન કરવા વિનંતી.

**આપના આગમન ના અભિલાષી સમસ્ત દૌલત પરિવાર ના જય માતાજી.**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. નરેન્દ્ર જીવરાજ મોમાયા**
ગામ - નલિયા, હાલ નલિયા
અરિહંત શરણ : ૦૭-૦૩-૨૦૧૮ (૭૧ વર્ષ)

પરિવાર જેમનું મંદિર હતું, કર્મ એમનું કર્તવ્ય હતું,
સ્નેહ એમની શક્તિ હતી.
પરમાર્થ જેમની ભક્તિ હતી,
કરૂણા જેમના હૃદયમાં હતી,
પરોપકાર જેમના પગલાંમાં હતું,
કોઈના દુખે દુઃખી અને કોઈના સુખે સુખી
એવો તમારો જીવનમંત્ર હતો.

ઓ દિવ્યઆત્મા આપ જ્યાં હો ત્યાં
પરમ સુખ શાંતિ અને ઉચ્ચ ગતિ પામો એજ
**શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળની**
પ્રભુ ચરણે પ્રાર્થના

વિરેન્દ્ર ભવાનજી લોડાયા, ચેતન લહેરચંદ નાગડા, સમીર લક્ષ્મીચંદ નાગડા, અમિત જેઠાભાઈ ખોના, ભદ્રીચંદ ભવાનજી દંડ, કમલેશ ભવાનજી લોડાયા, અતુલ મેઘજી છેડા, પરેશ મોતીચંદ ખોના, નરેશ મેઘજી છેડા, પ્રદીપ ચાંપશી નાગડા, પ્રફુલ ચાંપશી નાગડા, હીરાચંદ ધનજી છેડા, પ્રવીણ ડુંગરશી ખોના, પિયુષ મોતીચંદ ખોના, પ્રજ્ઞેશ હીરાચંદ નાગડા, મણિલાલ ખીમજી લોડાયા, મયુર સોમચંદ લોડાયા, લીતેશ હીરાચંદ ખોના, મહેશ દામજી નાગડા, મુકેશ જાદવજી ધરમશી, જીતેન્દ્ર મેઘજી સાંયા, ભાવેશ રતિલાલ મોતા, ચેતન મુરજી છેડા, વંદના કેતન સંગોઈ, હંસા પંકજ મોતા, ભાવના ભરત મોમાયા

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. 15/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

# જ્ઞાતિની ગૌરવગાથા : ''શ્રી કચ્છી દશા ઓશવાળ દર્પણ''
## (૧૨૦ વર્ષ પહેલાં કચ્છી જૈન સમાજનું સર્વપ્રથમ સામાયિક પ્રકાશિત થયું)

અઢારમી સદીની સંધ્યા વેળાએ હિન્દુ વેપારીઓમાં મુંબઈમાં આગમનનું મંગલાચરણ થયું. જૈનોમાં સર્વ પ્રથમ મુંબઈ આવવાનું સાહસ ખંભાતના... શ્રી અમીચંદ સાકરચંદ અને મોતીશાએ કર્યું. તે ૨૭૪ વર્ષ પહેલાં સન ૧૭૪૪ (સં.૧૮૧૪) આસપાસ મુંબઈ આવ્યા. કચ્છમાંથી સૌ પ્રથમ ૨૪૭ વર્ષ પહેલાં સન ૧૭૭૧ (સં.૧૮૪૧)માં શ્રી જીવરાજ, શેઠ રામજી ચતુર અને ધારશી મોરાર આવ્યા. જ્યારે 'જ્ઞાતિ' માંથી કચ્છ છોડીને મુંબઈ બંદરે સૌ પ્રથમ પગ મૂકનાર હતા શ્રી જેતશી જીવરાજ તેરાવાલા અને શામજી સારંગ ગોધરાવાલા.

શ્રી જેતસી તેરાવાલા 'જ્ઞાતિ'ના મુંબઈ ખાતેના સર્વ પ્રથમ વેપારી હતા. શ્રી શામજી ગોધરાવાળા 'જ્ઞાતિ'ના મુંબઈ ખાતેના પ્રથમ શેઠ હતા. આજના માંડવી (મસ્જિદ બંદર) વિસ્તારમાં જે મશહુર શ્રી અનંતનાથજી જિનાલય છે તે શ્રી અનંતનાથજી જિન પ્રતિમા સર્વ પ્રથમ, આ મુકાદમ શામજી સારંગ ગોધરાવાળાને ત્યાં પધરાવેલી હતી. આ બંને જ્ઞાતિબંધુઓના આગમન બાદ જ્ઞાતિજનોનો કચ્છથી મુંબઈ આગમનનો પ્રવાહ સતત વહેતો રહ્યો.

'જ્ઞાતિ'ને મુંબઈ જીવનની આજની સુસ્થિરતાની નક્કર ભૂમિકા બાંધી આપી જ્ઞાતિ શિરોમણિ શ્રી નરશી નાથાએ. ૨૩૪ વર્ષ પહેલાં સંવત ૧૮૪૦માં તેમનો જન્મ. નાની વયમાં જ માંતાં મામ્બાઇનું અવસાન થયું. તેમનું જીવન ઘડતર પિતાશ્રી નાથાએ કર્યું. કેળવણીનો ત્યારે નહિવત પ્રચાર હતો. વિશેષમાં કેળવણી લેવાની કોઈ જ આર્થિકસ્થિતિ ન હતી. આથી શેઠ શ્રી નરશી શિક્ષણ લઈ શક્યા નહિ. પિતા - પુત્ર બંને નલીયાના ઓતરાદા 'સર' નામથી ઓળખાતા ખેતરોનું ત્યારે રખોપું કરતા.

આ રખોપું કરતાં કરતા શેઠશ્રી નરશીને પોતાનું ભાગ્ય અજમાવવા મુંબઈ જવાનો વિચાર આવ્યો અને ખેતરના માલિકોએ આપેલ ઘઉં, ચણાના પોંકનું ભાતું લઇને પિતા - પુત્ર બંને ૨૧૭ વર્ષ પહેલાં સન ૧૮૦૧ (સં ૧૮૫૭)માં જખૌથી વહાણમાં સફર ખેડીને મુંબઈ આવ્યા.

'શેઠ મોતીશા'ના જીવન - ચરિત્ર લેખક શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા આ સંદર્ભમાં લખે છે કે, 'તેઓ તદ્દન સામાન્ય વ્યક્તિ તરીકે મુંબઈમાં આવ્યા અને આડતનું કામ શરૂ કર્યું. પોતાની પ્રામાણિકતાથી સારી નામના મેળવી જ્ઞાતિના આગેવાન થયા. પોતાની જ્ઞાતિના માણસો ઉપર ઉપકાર કરવાની અને તેમને - મુંબઈમાં આધાર આપી રસ્તે ચડાવી દેવાની બહુ નામના મેળવી...''

શેઠ શ્રી નરશી નાથા પછી સન ૧૮૨૧ (સં. ૧૮૭૭)માં ૧૯૭ વર્ષ પહેલાં 'જ્ઞાતિ'ના શ્રી વેલજી માલુ અને સન ૧૮૨૯ (સં. ૧૮૮૫)માં ૧૮૯ વર્ષ પહેલાં શ્રી કેશવજી નાયકે મુંબઈને પોતાનું બનાવ્યું.

શ્રી વેલજી માલુ વધુ સાહસિક સફળ વેપારી બની રહ્યા. 'જ્ઞાતિ'માં જ નહિ સમગ્ર જૈન સમાજમાં વેપાર માટે વિદેશની સફર કરનાર શ્રી વેલજી માલુ સર્વપ્રથમ જૈન હતા. તે એડન, હોડેડા, બસરા, મોખા વગેરે દેશોમાં વેપાર માટે ઘૂમ્યા હતા.

મસ્જિદ બંદરનું મશહુર શ્રી અનંતનાથજી દેરાસર શેઠ શ્રી નરશી નાથાની પ્રેરક અને પાવન સ્મૃતિ છે. તો કચ્છમાં કોઠારા ગામનું ભવ્ય કલાત્મક શ્રી શાંતિનાથજી જૈન દેરાસર શ્રી કેશવજી નાયક, શ્રી વેલજી માલુ અને શ્રી શિવજી નેણશીની સહિયારી સ્મૃતિ છે. આ ત્રણેય શેઠિયાઓએ ભાગીદારીમાં આ દેરાસર બંધાવ્યું અને દેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે મુંબઈથી પાલિતાણાનો સંઘ કાઢ્યો.

શ્રી કેશવજી નાયક વાલકેશ્વર વિસ્તારમાં રહેતા હતા અને અહીં તેમણે પોતાનું દેરાસર બનાવ્યું. આજે પણ તે દેરાસર તેમના સુનામની યશોગાથા ગાય છે. આ સૌ જ્ઞાતિ - શ્રેષ્ઠિઓનું શિક્ષણ ખપપૂરતું હતું. પરંતુ પોતાની કોઠાસૂઝથી અને પ્રચંડ પુરુષાર્થથી તે સૌએ મુંબઈમાં

પોતાની જ્ઞાતિની અને ધર્મની પણ સારી એવી પ્રતિષ્ઠા જમાવી.

કચ્છમાંથી શરૂના તબક્કામાં જે જ્ઞાતિજનો મુંબઈ આવ્યા તેઓનું મુખ્ય લક્ષ્ય ધંધામાં સ્થિર થવાનું જ હતું. મુંબઈ આવીને મોટાં ભાગનાં જ્ઞાતિબંધુઓએ રૂ અને અનાજના ધંધામાં ઝંપલાવ્યું અને તેમાં તેઓએ દેશ અને દુનિયામાં સારી એવી નામના મેળવી.

પોતાના પ્રામાણિક પુરૂષાર્થથી રળેલી લક્ષ્મીનો સદ્‌વ્યય કરવા માટેની દૃષ્ટિ પણ ત્યારે સીમિત હતી. જ્ઞાતિજનો ત્યારે મુખ્યત્વે ધાર્મિક ક્ષેત્રે અને જ્ઞાતિ ક્ષેત્રે સવિશેષ દાન કરતા. દેશમાં દેરાસરો, ઉપાશ્રયો, જ્ઞાન ભંડારો બંધાવવા, સંઘ કાઢવા વગેરે તરફ તેઓની સવિશેષ રૂચિ હતી અને પોતાના રસ અને રૂચિના ક્ષેત્રોએ મોકળે મને લક્ષ્મીનો સદુપયોગ કરતા.

આમ છતાં ય દુરંદેશી જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાએ જ્ઞાતિજનોના શૈક્ષણિક વિકાસ માટે એક ગામઠી શાળા શરૂ કરાવી હતી. (શાક ગલીના નાકે ચાલતી આ શાળા કાશીરામ માસ્તરની સ્કૂલ તરીકે ઓળખાતી) કચ્છથી પ્રારંભકાળમાં આવેલા ઘણા જ્ઞાતિજનો આ શાળામાં ભણ્યા. અહીં તેઓ પલાખાં વગેરે કામ પૂરતું ભણતર લેતાં.

અલબત્ત ત્યારે મુંબઈમાં ભાટિયા સ્કૂલ ૧૭૩ વર્ષ પહેલાં (સન ૧૮૪૫) જગન્નાથ સંસ્કૃત સ્કૂલ ૧૬૧ વર્ષ પહેલાં (સન ૧૮૫૭) જી.ટી. હાઈસ્કૂલ ૧૬૦ વર્ષ પહેલાં (સન ૧૮૫૮) જી.ટી. ગર્લ્સ હાઈસ્કુલ ૧૫૯ વર્ષ પહેલાં (સન ૧૮૫૯)માં વ્યવસ્થિત અને પદ્ધતિસરનું અંગ્રેજી શિક્ષણ આપાતું હતું. પરંતુ આ શાળાઓનો લાભ લેવા તરફ તે સમયનાં જ્ઞાતિબંધુઓનો કોઈ ઉત્સાહ ન હતો.

૧૬૮ વર્ષ પહેલાં સન ૧૮૫૦ની વાત છે. કોલાબા ટાપુ સહિત મુંબઈની કુલ વસતિ ત્યારે ૫,૬૬,૧૧૯ હતી. આમાં જૈનો અને બૌધ્ધોની મિશ્ર વસતિની સંખ્યા ૧,૯૦૨ની હતી. આમાં ત્યારે 'જ્ઞાતિ'ના કેટલાક ભાઈઓ હતા તેનો ચોક્કસ આંકડો મળતો નથી, પરંતુ નોંધપાત્ર સંખ્યા હશે એમ અનુમાન થઈ શકે છે.

જ્ઞાતિબંધુઓ ત્યારે મુખ્યત્વે માંડવી, દાણા બંદર, કાથા બજાર, ખારેક બજાર ચીંચબંદર અને (ભીમપુરા) નરસિંહપુરા વિસ્તારમાં રહેતા. તેમનો વસવાટ અને વ્યવસાય બંને આ વિસ્તારમાં જ હતાં.

સમયના વહેણ સાથે મુંબઈની વસતિમાં વધારો થતો ગયો. ૧૪૬ વર્ષ પહેલા સન ૧૮૭૨ માં સર્વ પ્રથમ ભારતીય વસતી ગણતરી થઈ. એ આંકડા મુજબ મુંબઈમાં ત્યારે ૧૫,૧૨૧ જૈનો હતા. આમાં બધા જ જૈન સંપ્રદાયની જ્ઞાતિના જૈનો હતા. મુંબઈમાં જૈનોનું આગમન ૧૭૪૪ થી ૨૭૪ વર્ષ પહેલાં શરૂ થયું હતું. આ સવાસો વરસમાં જૈનોએ પોતાની વેપારી કુશળતાથી અને સમાજોપયોગી દાનવર્ષાથી જાહેર

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



જીવનમાં પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એ સમયના જ્ઞાતિના શ્રી નરશી નાથા, શ્રી કેશવજી નાયક, શેઠ શ્રી મોતીશા, પ્રેમચંદ રાયચંદ આદિ નામો આજે પણ ગૌરવપૂર્વક યાદ કરાય છે. આ શ્રેષ્ઠિવર્યોએ જૈન સમાજ અને ધર્મને ઊંચેરૂં સ્થાન બક્ષ્યું હતું. આમ છતાં વ્યાવહારિક શિક્ષણ ક્ષેત્રે જૈનોની ઉદાસી અને ઉપેક્ષા હજી અકબંધ હતી.

આ ઉદાસી અને ઉપેક્ષાના ઘેરા વાદળ વિખરાવવાની શરૂઆત ૧૩૮ વર્ષ પહેલાં સન ૧૮૮૦ની આસપાસના સમયમાં થઈ, આ સમયગાળો જૈન સમાજમાં ધાર્મિક ચેતનાના જુવાળનો ગાળે ગણી શકાય. આ સમયમાં જૈન સંસ્થાઓનો અરૂણોદય થયો, દુરંદેશી જૈન આગેવાનોએ સમાજના સર્વાંગી વિકાસ માટે સન ૧૮૮૨માં મુંબઈમાં "જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયા" નામની અભિનવ સંસ્થાની સ્થાપના કરી. તેની સ્થાપનામાં અને તેના શરૂના વિકાસમાં ઘણા કચ્છી જૈન ભાઈઓએ રસ લીધો, આ સંસ્થાએ સમાજમાં શિક્ષણ પ્રત્યેના રસ અને રૂચિ જાગૃત કરવાનો સફળ પ્રયાસ કર્યો.

'જ્ઞાતિ'જનો માટે આનંદ અને ગૌરવની એક મહત્વપૂર્ણ ઘટના આ સંસ્થાની સ્થાપના બાદ બે વરસે બની. જ્ઞાતિના શ્રી લક્ષ્મીચંદ તેજપાળ મૈશેરીએ શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે ભારે જહેમત લીધી. સમાન વિચારસરણી ધરાવતા શિક્ષણ પ્રેમી અન્ય જ્ઞાતિજનો સાથે મળીને સન ૧૮૮૪માં ૧૩૪ વર્ષ પહેલાં શ્રી લક્ષ્મીચંદ મૈશેરીએ મુંબઈમાં 'રિપન ઇંગ્લીશ સ્કૂલ'ની સ્થાપના કરી. મુંબઈમાં જૈનોએ શરૂ કરેલી આ સર્વપ્રથમ સ્કુલ હતી.

આ પછી અભૂતપૂર્વ દશ્ય જોવા મળ્યું સન ૧૮૯૪માં ૧૨૪ વર્ષ પહેલાં આ વરસમાં જ્ઞાતિ-બંધુ શ્રી વીરજી લધા ખોના બી.એ. ગ્રેજ્યુએટ બન્યા. 'જ્ઞાતિ'ના આ સર્વપ્રથમ ગ્રેજ્યુએટનું મુંબઈ મહાજન, કચ્છી જૈન મિત્ર મંડળ આદિ સંસ્થાઓએ રોમહર્ષક સન્માન કર્યું.

આ અરસામાં 'જ્ઞાતિ'ના વહીવટમાં ધરમૂળથી ફેરફાર થયા. શેઠશાહી પદ્ધતિના બદલે પ્રમુખશાહી પદ્ધતિનો 'જ્ઞાતિ'માં પ્રારંભ થયો 'જ્ઞાતિ'જનોના જાહેર સંબંધો ત્યારે વ્યાપક હતા. વિશ્વ મશહુર જસ્ટીસ રાનડે સાથે 'જ્ઞાતિ'ના આગેવાનોનો સારો સંપર્ક હતો. 'જ્ઞાતિ'ના પ્રશ્નોમાં શ્રી રાનડે રસ લેતા અને માર્ગદર્શન આપતા. 'જ્ઞાતિ'એ તે સમયે જે સામાજિક સુધારાઓ - જેવા કે કન્યાવિક્રય નહિ કરવાની પ્રતીજ્ઞા, મરણ પાછળ મિષ્ટાન્ન જમણ બંધ, અગ્રહણી પ્રથા બંધ, વગેરે અપનાવ્યા તેની પાછળ જસ્ટીસ રાનડેની પ્રેરણાનું બળ પણ હતું. 'જ્ઞાતિ'નું બંધારણ ઘડવામાં પણ તેમનું મૂલ્યવાન માર્ગદર્શન મળ્યું હતું.

નવીન પ્રમુખશાહી પદ્ધતિના નેજા હેઠળ 'જ્ઞાતિ' શૈક્ષણિક ક્ષેત્ર સહિત અનેક ક્ષેત્રે પ્રગતિ કરી રહી હતી. ૧૨૩ વર્ષ પહેલાં સન ૧૮૯૫માં 'જ્ઞાતિ'ના સર્વ પ્રથમ ગ્રેજ્યુએટ શ્રી. વીરજી લધા ખોના, બી. એ., શ્રી ટોકરશી નેણશી લોડાયા અને શ્રી ખીમજી હીરજી કાયાણી (તંત્રી કચ્છી દશા ઓશવાલ દર્પણ) એ ઇન્ડિયન નેશનલ કોંગ્રેસનાં પ્રતિનિધિ તરીકે રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. અત્રે એ નોંધવું જોઇએ કે શ્રી ખીમજી કાયાણીના 'દર્પણ' સામાયિકે 'જ્ઞાતિ'ને નવીન વિચારદષ્ટિ અને ભાવના તરફ વાળવામાં ઘણો મહત્વનો ભાગ ભજવ્યો હતો.

૧૨૨ વર્ષ પહેલાં સન ૧૮૯૬ના ઓગસ્ટ માસમાં મુંબઇનાં માંડવી વિસ્તારમાં મરકીનો ભયંકર રોગ ફાટી નીકળ્યો. આ રોગના કારણે જીવ બચાવવા 'જ્ઞાતિ'ના મોટાભાગના લોકો અત્રેના ઘરબાર અને ધંધા મૂકીને દેશદેશાંતર ચાલ્યા ગયા. એક વરસ બાદ રોગનું જોર નરમ પડતાં તેઓ મુંબઈ પુનઃ પાછા ફરવા લાગ્યા.

૧૨૦ વર્ષ પહેલાં સન ૧૮૯૮માં જ્ઞાતિના સર્વપ્રથમ બી.એ. ગ્રેજ્યુએટ શ્રી વીરજી લધા ખોનાનું અવસાન થયું.

આજ અરસામાં અર્થાત સન ૧૮૯૮માં ૧૨૦ વર્ષ પહેલાં જ્ઞાતિબંધુ શ્રી ખીમજી હીરજી કાયાણીએ 'શ્રી કચ્છી દશા ઓસવાળ દર્પણ' નામે માસિકે શરૂ કર્યું. કચ્છી જૈન સમાજનું આ સર્વ પ્રથમ સામાયિક હતું.

**- 'શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહની વિકાસગાથા'** (૧૯૮૦)માંથી સાભાર


।। શ્રી ચંદ્રપ્રભુસ્વામી નમો નમઃ ।। ।। શ્રી શીતલ નાથાય નમો નમઃ ।।

**શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ**

શ્રી ક.દ.ઓ. પરજાઉ વાસીઓ અને નિયાણીબહેનોને પરજાઉ ગામે શ્રી ચંદ્રપ્રભસ્વામી તેમજ શ્રી શીતલનાથ દાદાની ધ્વજા મહોત્સવે પધારવા ભાવભર્યું આમંત્રણ.

**તા. ૨૪-૪-૨૦૧૮ના શ્રી ગુરૂ ભગવંતોનું સામૈયું**

**શુભમુહુર્ત શ્રી મહાપૂજન તેમજ ૧૮ અભિષેક**
**રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના**

**તા. ૨૫-૪-૨૦૧૮ના શુભ મુહુર્ત**

**શ્રી ચંદ્રપ્રભુસ્વામીની ૧૬૪મી ધ્વજા**
**બપોરના મહાપૂજન, રાત્રે પ્રભુજી ભક્તિ ભાવના**

**તા. ૨૬-૪-૨૦૧૮ના શુભ મુહુર્ત**

**શ્રી શીતલનાથ દાદાની ધ્વજા**

મુખ્ય ધ્વજાના ચડાવા જે બાકી છે તે સ્થાનિકે લેવામાં આવશે. તો આપ સો વહેલા સર પધારીને દરેક પ્રસંગોનો લાભ લેવા વિનંતી.

**મહાજન તરફથી ત્રણે દિવસ રહેવા તથા સાધર્મિક ભક્તિની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

લી. શ્રી ક.દ.ઓ. પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ વતીથી
પ્રમુખ - **શ્રી ગુલાબ દંડ**

।। શ્રી આદેશ્વરાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

## શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન આવકારે છે :-

સાંયરામાં તાજેતરમાં સ્થાપાયેલ આરામદાયક, મોર્ડન અને Luxurious સેનેટોરીયમ, અતિથિ આવાસ અને નવનિર્મિત ભોજનાલય ગામમાં લાંબી - ટૂંકી રજાઓ ગાળવા, દાદાના ચરણોમાં ભક્તિઅર્ચના અને ગુરૂવંદના કરવા ઉપરાંત નૈસર્ગિક વાતાવરણમાં હવાફેર કરવાર્થે સર્વ સાંયરાવાસી જૈન પરિવારો તેમજ અન્ય કોઈ પણ ગામના જૈન પરિવારોને યાદગાર અનુભવ લેવા સાંયરા મહાજન સપ્રેમ આમંત્રે છે.

## ગામની બેનમુન સુવિધાઓ :

**૧) માતુશ્રી માનબાઈ રાયચંદ જીવરાજ મોમાયા સેનેટોરીયમ :**

બે 1BHK બ્લોક અને ચાર ૪ સ્ટુડીઓ એપાર્ટમેંટવાળા આ સેનેટોરીયમમાં બધા રૂમોમાં એ.સી.,ટી.વી., ફ્રીઝ, મોર્ડન ફરર્નીચર, એટેચ્ડ બાથરૂમ-ટોઈલેટ, ગીઝર, તેમજ પોતાની અલગ રસોઈ કે ચા-નાસ્તો બનાવવા ઈચ્છુકો માટે ગૅસ-સિલિન્ડર, સગડી તથા પુરતા વાસણો ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.

**૨) માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયા નિર્મિત નુતન અતિથિ આવાસ :**

જેમાં પાંચ Luxurious સિંગલ રૂમ, ડબલ બેડ, એ.સી., એટેચ્ડ બાથરૂમ અને ટોઈલેટ, ગીઝર સહ મોર્ડન ફર્નિચરથી સજાવેલ છે. ટી.વી.ની કોમન સગવડ છે. ઉપરાંત ૬ બેડવાળા મોટા રૂમમાં પણ ઉપરોક્ત સુવિધાઓ છે.

**૩) માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા નવનિર્મિત ભોજનાલય :**

જેમાં સુંદર મોટા ભોજન હૉલ સહ સુઘડ રસોડું, પ્રતિક્ષા ખંડ વગેરે સગવડો સાથે ટી.વી.ની પણ સુવિધા રાખવામાં આવી છે.

ઉપરોક્ત બધી સુવિધાઓ માટે નજીવા દરો રાખ્યા છે. જેથી વધુ સંખ્યામાં અતિથિઓ લાભ લઈ શકે.

''અતિથિ આવાસના'' દર દૈનીક (રોજના) ધોરણે રહેશે જ્યારે સેનેટોરીયમના દર અઠવાડીક, પખવાડીક કે માસીક ધોરણે રાખેલ છે. એ.સી. ન વાપરવું હોય તો તેના દર ઘટાડેલ છે.

**બુકીંગ માટે સંપર્ક :**

**સાંયરા ઓફિસ : 099797 53039**

**વાલજીભાઈ : 098204 38784**

**મુંબઈ ઓફિસનો સંપર્ક : 2342 1426 / 2283 2390**

**મોબાઈલ : 080806 11005 / 99697 25361**

## સ્ત્રી હોવાને મને ગર્વ છે

વજાદપિ કઠોરાણિ, મૃદુનિ કુસુમાદપિ, જેવું આંતરમનોબળ ધરાવતી શક્તિસ્વરૂપા સ્ત્રીની સમાજે હંમેશા આકરી કસોટી કરી છે. ત્યાગ, પ્રેમ, દયા, ક્ષમા અને સહનશીલતાની મૂર્તિ ગણાતી આ સ્ત્રી અનેક યુગથી સહઅસ્તિત્વ પ્રાપ્ત કરવા સંઘર્ષ કરી રહી છે. પૈતૃક સમાજથી માંડીને આજના ઈન્ફોટેક યુગ સુધી અનેક મહાન સ્ત્રીઓના ઉદાત્ત ચરિત્રો આપણી સમક્ષ છે.

સાંપ્રત સમયમાં પોતાનું જીવન ગરિમાપૂર્ણ વ્યતીત કરી શકે, સ્વબળે મુક્તિજીવન પ્રાપ્ત કરી શકે તે માટે સ્ત્રીએ પોતે પણ સજાગ થવું જોઇએ. આપણાં જીવનમાં ચડાવ-ઉતાર આવે, નિષ્ફળતા આવે કે આપણે પ્રતિકૂળ સંજોગોમાં ઘેરાઇ જઈએ. આપણું માનવ તરીકેનું મૂલ્ય... એની શ્રેષ્ઠતા ક્યારેય ઘટતી નથી. આપત્તિ કાળમાં આપણે કેવો નિર્ણય લઈએ છીએ, તેમાંથી કેવો માર્ગ કાઢીને છીએ તે મહત્ત્વનું છે.

'મેરુ રે ડગે જેના મન નો ડગે...' પ્રતિકૂળ સંજોગોમાં વિષાદની ગર્તામાં ધકેલાઇ જવાને બદલે આંતરિક શક્તિને વધુ જાગૃત કરવાની જરૂર છે. ઘણા લોકો નિષ્ફળતા મળે ત્યારે પોતાની જાતને ફિટકારતાં વિચારે છે મારાથી આ કામ થઈ જ ન શકે, મારામાં કંઇ આવડત જ નથી. મારા કામની કોઇને કિંમત નથી. આવી લઘુતાગ્રંથિમાં પીડાવાને બદલે આંતરિક શક્તિને પ્રદીપ્ત કરે તેવાં વિધેયાત્મક વિચારો કરો, તમારી ગુણ વિશેષતાને યાદ કરીને લક્ષ્ય સિદ્ધિ તરફ આગળ વધવા પુનઃ પ્રયત્નશીલ બનો. તમારૂં કાર્યક્ષેત્ર ગમે તે હોય પણ ઉચ્ચ લક્ષ્યાંક પ્રાપ્ત કરવા સદાય તત્પર રહો. હંમેશા એવું યાદ રાખો કે હું વિશેષશક્તિ ધરાવું છું કોઇને પ્રાપ્ત થયેલી સિદ્ધિને બિરદાવો. તે વ્યક્તિ પ્રત્યે આદરપૂર્વક જુઓ - તે વ્યક્તિના વિશેષ ગુણોને સમજવાનો પ્રયત્ન કરો જે તમારી લક્ષ્ય પ્રાપ્તિમાં મદદરૂપ થશે.

કેળવણીકાર મહિલા કૉલેજમાં પ્રાચાર્ય ડૉ. દીપા શર્મા જણાવે છે 'આય એમ પ્રાઉડ ટુ બી અ વુમન. મને લાગે છે કે સાંપ્રત સમય સ્ત્રી ઉત્કર્ષ માટે સુવર્ણકાળ છે. સાધારણ કુટુંબમાં ઊછરેલી સ્ત્રીઓ પણ આત્મનિર્ભર બનીને સ્વમાનપૂર્વક જીવન વિતાવી શકે છે. આજે પોતાના ઇચ્છિત ધ્યેય તરફ ઉડ્ડયન કરવા માટે સ્ત્રીને પોતાની આંખ છે અને પોતાની પાંખ પણ છે. આજના યુગના સ્ત્રીઓના વિકાસ માટે અનેક તક ઉપલબ્ધ છે.'

માનસશાસ્ત્રના પૂર્વ પ્રોફેસર, સાયકૉલૉજીના કાઉન્સિલર અને સમાજસેવિકા પ્રો. અલકા દેસાઇ કહે છે : 'સ્ત્રી હોવાનું મને ગર્વ છે કારણ કે હું મારી જાતને શિક્ષિત કરી શકી છું. મારા કુટુંબને શિક્ષિત કરવાની જવાબદારી નિભાવી. પ્રાધ્યાપક તરીકે સમાજમાં પણ શિક્ષણકાર્ય કરી શકી છું. એક ગૃહિણી સાથે સાથે વ્યવસાયિક ક્ષેત્રે તથા પ્રોફેશનલી રીતે સમાજસેવાના કાર્યને નિભાવવા સક્ષમ છું. વળી, જીવનમાં આવતી કોઈ પણ સમસ્યાનું નિવારણ કરવા તથા જીવનના વિવિધ પડકારોને ઝીલવા સક્ષમ છું. મારામાં 'કન્વીન્સિંગ પાવર' (સૂત્રાત્મકતા) છે તેથી હું કુટુંબને એક સૂત્રે પ્રેમથી બાંધી શકું છું. સમાજને જોડી શકું છું. સ્ત્રી ધારે તો રાજકારણમાં ઉત્તમ ગઠબંધન આણી શકે છે. સ્ત્રી કોઈ પણ સંજોગોમાં દક્ષતાપૂર્વક કામ કરી શકે છે. સ્ત્રી એ કુટુંબનો પાયો છે. સ્ત્રીમાં રહેલી અદ્‌ભૂત શક્તિઓને ઍનેલાઇઝ કરવાની, યોગ્ય દિશા આપવાની જરૂર છે. કેલિફોર્નિયા (સાન્ટાકલેરા) ખાતે તાતા કંસલટન્સીના માર્કેટિંગ મૅનેજર મમતા પંડ્યા કહે છે, હું એવા વિશ્વની ઝંખના કરૂં છું જ્યાં સ્ત્રી પુરુષના કોઈ જેન્ડર ભેદ ન હોય. બંને સંપૂર્ણ રીતે અગ્નોસ્ટિક (અજ્ઞેયવાદી) કે સમાન ગણાય. આધુનિક સમયની સાથે ડગલાં માંડતા કૉર્પોરેટ ક્ષેત્રમાં ઊભા થતા પડકારો ઝીલીને સફળતા મેળવવા સ્ત્રી કૃતનિશ્ચયી છે. કૉર્પોરેટ વર્લ્ડના બધા અવરોધો ભેદીને તે તેમાં પ્રવેશી છે. હું માનું છું જે પડકારો એક પુરૂષ ઝીલી શકે છે તેવા જ પડકારો સ્ત્રી પણ ઝીલી શકે છે.

– ડૉ. કલ્પના દવે, જન્મભૂમિમાંથી સાભાર


**નારી ફેશન**
**ઘાટકોપર**

**નવી જગ્યામાં પ્રસ્થાન**
**કરતા પહેલા ગ્રાહકોને ફાયદો**

**STOCK CLEARING SALE**
**10% TO 50% DISCOUNT**

**સાડી, ચણીયા-ચોલી, બૉર્ડર સેલા, વર્ક- બધીજ આઈટમ ખાસ ખટોકેલી કિંમતમાં લેવા જલ્દી પધારો**

**Shifting Soon @**
**15th April 2018 પછી**

**નારી ફેશન**
૧૦૨, વિદ્યાવિહાર બિલ્ડીંગ, ૧લે માળે, દેરાસર લેન,
કકડ નીકેતનની બાજુમાં, ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૭૭. ફોન : 2501 5570

# SHREE K.D.O. STUDENTS ASSOCIATION

**Add:** Atithi Gruh No.1, Anant Siddhi, L.B.S. Marg, Bhandup (West), Mumbai - 400078
**Reg. Office:** 17, Bheda Bhuvan, 22, Jethabhai Lane, Ghatkopar (East), Mumbai 400077
Email: shreekdovs@gmail.com

## ANNUAL GENERAL MEETING

**(Date: 01/04/2018)**

Shree K.D.O. Students Association Annual General Meeting will be held on **Saturday, 28/04/2018 at 4:30pm at Gurukul College of Commerce, Tilak Road, Ghatkopar (East), Mumbai - 400077.** Following agenda will be considered:

**- - - - - - - - - - - - - - - - "AGENDA" - - - - - - - - - - - - - - - -**

1. To approve minutes of previous AGM;
2. Report of Managing Committee (2017-18);
3. Approval of Audited Accounts of Association (2017-18);
4. Any other point with permission of Chairman.

**Miss Ekta Udayan Lodaya** (Secretary)

**Note:** 1. In case, the Quorum is unavailable, the meeting will be adjourned and will restart after 30 minutes (5pm) at same date & same place without Quorum.
2. All the attendees should bring Membership Receipt of the year 2016-18, failing to this entry will not be permitted.



## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)
## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

**શૈ. વર્ષ ૨૦૧૮-૨૦૧૯ (જુન, ૨૦૧૮) થી જામનગર મધે કન્યાછાત્રાલયમાં પ્રવેશ મેળવવા બાબત :**

ધો. ૭ અને તેથી ઉપરના ધોરણમાં અભ્યાસ કરતાં જ્ઞાતિની દીકરીઓને અનુક્રમે કન્યાછાત્રાલયમાં નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવે છે.

જામનગર સ્થિત કન્યાછાત્રાલયમાં આગામી શૈ. વર્ષ ૨૦૧૮-૨૦૧૯ (જુન, ૨૦૧૮) થી ધો. ૭ અને તેથી ઉપરના ધોરણમાં દાખલ થવા ઇચ્છતા જ્ઞાતિના દીકરીઓને અને એમના વાલીઓને આથી જાણ કરવામાં આવે છે કે દાખલ થવા માટેના મુકરર અરજી પત્રકો મુંબઇ તેમજ જામનગર કાર્યાલય પરથી નિ:શુલ્ક મળશે.

અરજી પત્રકમાં પુરે પુરી વિગતો ભરી તે વાર્ષિક પરીક્ષાના પરિણામની બે (૨) પ્રમાણીત નકલો જોડી **અરજીપત્રકો જામનગર** અથવા **મુંબઇ કાર્યાલય પર તા. ૨૦ મી મે, ૨૦૧૮ સુધીમાં મોકલી આપવાના રહેશે.**

### -: અરજી પત્રક મેળવવાનું સ્થળ :-

**મુંબઇ સંપર્ક :-**
C/o. **Ashok Manilal Dand,**
Khushbu Dye Chem,
99, New Unique Ind. Estate,
Opp Jawahar Cinema, Dr. R. P. Road,
Mulund(W), Mumbai-400 080. Tel : 2593 9696
**સમય : સાંજે ૪ થી ૭ કલાક**

**કન્યા છાત્રાલય :-**
કામદાર કોલોની, રોડ નં. ૩, શેરી નં. ૩,
એરોડ્રોમ રોડ, જામનગર - JAMNAGAR
ફોન : (૦૨૮૮) ૨૭૧૩૭૭૦
શ્રી મનોજ ખોના - ૯૮૨૪૨ ૨૬૬૫૫

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૭) નાનપણમાં જાડાપણુ :** નાના બાળકો તો ગોળમટોળ સારા લાગે એ માનવું આરોગ્ય માટે ભુલભરેલું છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે બાળપણમાં જાડાપણુ-ઓબેસીટી-મેદસ્વિતા વધુ જોખમી છે. એનાથી તરત નુકશાન નથી થતું પરંતુ લાંબા ગાળે જીવ જોખમમાં મુકાઇ શકે છે. ૧૦ વર્ષની વય સુધીમાં જો અતિ જોખમી કહેવાય એ હદની મેદસ્વિતા હોય તો ત્યારબાદ વજન ઘટાડવાનો પણ ફાયદો નથી થતો. ૧૦ વર્ષની વય સુધીમાં જાડાપણાને કારણે રક્તવાહિનીઓને નુકશાન થઈ ચુક્યું હોય તો એની અસર આગામી ૨૫ વર્ષ સુધી રહે છે અને ત્યારે હાર્ટએટેક અને સ્ટ્રોક (મગજની નસોની તકલીફને લીધે લકવો, કોમા વગેરે થાય)નું જોખમ રહે છે. ૧૦ વર્ષની વયે નોર્મલ કરતાં બમણું કે એથી વધુ વજન ધરાવતાં બાળકોમાં પણ રક્તવાહિની જાડી કે સાંકડી થઈ શકે છે જે આરોગ્ય માટે ધોખાદાયક છે.

**૮) ઊંઘવાની ગોળી :** ઊંઘ કુદરતી રીતે આવે એ જરૂરી છે. નિયમિત ઊંઘવાની ગોળી લઇને પૂરતા કલાક ઊંઘવાથી ફાયદાને બદલે નુકશાન થાય છે. ઘણા લોકો ઊંઘવામાં પડતી તકલીફનાં ઉકેલ માટે સરળ વિકલ્પ તરીકે ઊંઘની ગોળી (સ્લીપિંગ પિલ્સ) લેતા હોય છે. આ આદત ભયંકર ખતરનાક બની શકે એમ છે. અમેરિકાની એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીના રિસર્ચરોએ આ ગોળીઓના ભયસ્થાનો તારવીને દાવો કર્યો છે કે નિયમિત ઊંઘવાની ગોળી લેવી એ ૧ દિવસમાં આખું પેકેટ સિગારેટ પીવા જેટલું જોખમી છે. સ્મોકિંગની આદત શરીર, મગજ બંને પર માઠી અસર કરે છે અને ઊંઘની ગોળીનું પણ એવું જ છે. ઊંઘવાની ગોળીઓથી હાર્ટએટેકનું જોખમ વધે છે. લાંબા સમયના ઉપયોગથી હાડકાં નબળા પડી શકે છે, મગજની કામગીરીમાં ગરબડ થાય છે અને ડિમેન્શિયા એટલે કે ભુલી જવાનું, ચિત્રભ્રાંતિ થવાની સંભાવના વધી જાય છે.

**૯) ડાયાબિટિઝ અને લૉ કેલેરી ડાયેટ :** ડૉક્ટરો અને આપણે સૌ એમ માનીએ છીએ કે મોટી વયનો ડાયાબિટિઝ (ટાઈપ ટુ ડાયાબિટીઝ) કદી સારો ન થઈ શકે, ફક્ત કન્ટ્રોલમાં રહે. અમેરિકાની યેલ યુનિવર્સિટીના નિષ્ણાતોનું કહેવું છે કે લાંબા સમય સુધી ખૂબ જ લૉ કેલેરી ડાયેટ, (ઓછી કેલેરી ધરાવતું ખાવાનું) લેવામાં આવે તો એનાથી ટાઈપ ટુ ડાયાબિટીઝ રિવર્સ થઈ શકે છે. એટલે કે આ દર્દીઓની લોહીમાંની સાકર નોરમલ થઈ શકે છે. લો કેલેરી ડાયટ એટલે કે નોર્મલ રૂટીન ડાયટની કેલેરી કરતાં લગભગ પા ભાગની કેલેરી જ આ દર્દી ખોરાકમાં લે તો એનાથી ગ્લુકોઝનું પ્રોસેસિંગ કરવાની ક્ષમતા સુધરી શકે છે. અભ્યાસકર્તાઓએ નોંધ્યું છે કે ડાયાબિટીઝના દર્દીઓમાં ઈન્સ્યુલિન રેઝિસસ્ટન્સ વધે અને લિવર દ્વારા ગ્લુકોઝનું પ્રોડક્શન ઘટે છે ત્યારે ચયાપચનની ક્રિયામાં ગરબડ થાય છે. આ બંને ક્રિયા થોડેઘણે અંશે થાય તો પણ લોહીમાં સાકરનું પ્રમાણ વધી જાય છે. અમેરિકાના નિષ્ણાતોએ પ્રયોગ કરીને તારવ્યુ છે કે જ્યારે શરીરને ખૂબ જ ઓછી કેલેરી ધરાવતો ખોરાક મળે ત્યારે શરીરની આંતરિક સિસ્ટમ જીવવા માટેની સ્થિતિમાં આવી જાય છે. લિવર ગ્લુકોઝનું પ્રોસેસિંગ ઝડપી કરે છે અને એ માટે ઈન્સ્યુલિનનો ઉપયોગ થવા માંડે છે. સાકર, ગોળ, મીઠાઈ બંધ કરી, તળેલું, જંક ફુડ એકદમ બંધ કરી, ઘી-તેલની વાનગીઓ બંધ કરી, શાકભાજી, સલાડ ફળ વધારી અશક્તિ ન થાય એ રીતે ખાવાનું પ્રમાણ ઘટાડી એકદમ લૉ કેલેરી ડાયેટ લેવામાં આવે તો ટાઈપ ટુ ડાયાબિટીઝ મટે છે.

**૧૦) ખુશ થઈને ખાઓ :** આજનું વિજ્ઞાન કહે છે આ નહીં ખાઓ, તે નહીં ખાઓ, આ ખાઓ અને તે ખાઓ. જ્યારે આપણા પૂર્વજો કહેતા પાર્થના કરીને ખાઓ, વાતો ન કરતા જમો અને સૌથી મહત્વનું ખુશ થઈને ખાઓ. આપણા પૂર્વજોની આ વાતને અમેરિકાની યુનિવર્સિટી ઓફ મેસેસ્યુસેટ્સના સાઈકોલોજિસ્ટ તથા બ્રેઈન સાયન્સ (મગજના વિજ્ઞાન)ના ૧ રિસર્ચરે કહ્યું છે કે ફુડ મેમરી એટલે કે ભોજન સાથે સંકળાયેલી આપણી યાદોમાં મોટે ભાગે પાંચેય ઈન્દ્રિયો જોડાયેલી હોય છે. એટલે જ જો આપણે પૂરેપૂરા ઓતપ્રેત થઈ કોઇ ભોજનનો આનંદ માણ્યો હોય અથવા તો એના સ્વાદને માણતી વખતે આસપાસના વાતાવરણમાં કંઇ બન્યુ હોય તો એ આપણને તરત જ યાદ રહી જતું હોય છે. આ બાબત ખૂબ મહત્વપૂર્ણ હોવાથી આપણે આપણી ફુડ-મેમરીને ઉત્તમ યાદગીરી બની શકે એ રીતે વર્તો તો બહુ સારૂં

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

શ્રી મહાવીર એમ્બ્રોઈડરી
માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
• સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
• રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
• ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
• એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર
સોમવાર બંધ

પરિણામ મળતું હોય છે. આ વાતને હેડલી બર્ગસ્ટ્રોમ નામના ન્યુરોસાંયટિસ્ટએ ૧ ડગલું આગળ વધીને કહ્યું ટેસ્ટ મેમરીને ફરી યાદ કરવાનું. અન્નના સ્વાદને યાદ કરવાનું સૌથી સહેલું છે કારણ કે એમાં માટે ભાગે આપણે જે કંઇ ખાતા હોઇએ એના સ્વાદ સાથે શરીરમાં થતા ફેરફારની નોંધ પણ મગજ લેતું હોય છે. એટલે જ મોટે ભાગે ફુડ પોઇઝનિંગ થાય કે પેટ બગડે તો તરત જ આગલા દિવસે આપણે શું ખાધુ હતું એ યાદ આવી જાય છે, કારણ કે અન્ન એ આપણા જીવનમા (સવાઇવલ) સાથે સંકળાયેલી મૂળભુત બાબત છે. આ સંશોધન આપણા પૂર્વજોને સાચા સાબિત કરે છે. જમતી વખતે પ્રાર્થના કરી, આપણા સુધી એ જમણ પહોચાડનાર તમામ લોકોનો આભાર માનો, કૃતજ્ઞતાના ભાવ સાથે, મનમાં ટેન્શન, ચિંતા, ગુસ્સો, ચીડ, ઈર્ષ્યા જેવા નકારાત્મક પરીબળોને દૂર રાખી, ખુશી ખુશી જમો તો અન્ન બરાબર પચશે અને બિમારીઓ નહીં થાય.

**૧૧) ટોક્સીન્સ શરીરની બહાર કાઢવા :** આપણે ખાઇએ, પીઇએ, શ્વાસ લઇએ, જીવન જીવીએ એથી શરીરમાં કચરો ઉત્પન્ન થાય છે, ટોક્સીન્સ ઉત્પન્ન થાય. ત્વચા, ફેફસા, કીડની, આંતરડા અને લીવર કચરો-ટોક્સીન્સ શરીરમાંથી બહાર કાઢે છે પરંતુ આજની તકલીફ એ છે કે વાતાવરણનું પ્રદુષણ, પાણીમાંની મલિનતા, ખોરાકમાં ભળી ગયેલું પ્રદુષણ, ઝેરી કેમીકલ્સયુક્ત ખાતર અને કીટનાશકોવાળુ અન્ન, પ્રિઝરવેટીવ, કેમિકલ્સ, પ્રોસેસ્ડ ફુડ (પ્રક્રિયા કરેલ ખાદ્યો - રીફાઇન્ડ, ફિલ્ટર કરેલ તેલ, સફેદ સાકર, ગોળ, પોલીસ્ડ અનાજ વગેરે) આ બધુ આપણા શરીરની અંદર જાય છે. ગાય, ભેંસોને ઓક્સીટોસીનના ઇન્જેક્શન અપાય છે જેથી દુધ વધુ ઉત્પન્ન થાય, દૂધી જેવી શાકભાજીને ઓક્સીટોસીન ઇન્જેક્શન અપાય જેથી રાતોરાત મોટી થાય આ ઓક્સીટોસીન આપણા શરીરમાં જાય. આ સિવાય દારૂ, બીડી, સિગારેટ, ગુટકા જેવા વ્યસનો હોય તો શરીરમાં આ ટોક્સીન્સ વધે છે. નકલી દુધમાં કેમીકલ્સ, ડબ્બા પેક ખાદ્યો, પીણા, ડબ્બા કે બોટલપેક અથાણા, ફ્રુટ જ્યુસીસ વગેરે લઇએ તો એની અંદર ઉમેરેલા પ્રિઝરવેટીવ, કેમીકલ્સ આપણા શરીરમાં જાય. આવા તો કેટકેટલા ટોક્સિન્સ આપણા શરીરમાં જાય છે. (વિગતવાર માહિતી માટે ઓનલાઇન વાંચો પ્રકાશ સમીક્ષા તા. ૪ ડિસેમ્બર થી ૧૦ ડિસેમ્બર ૨૦૧૭નો લેખ 'બજારૂ ખાદ્ય, આરોગ્ય અને ધર્મ) આ ટોક્સીન્સની માત્રા જેમ શરીરમાં વધે, શરીરમાંથી બરાબર દુર ન થાય તો ચિત્ર-વિચિત્ર બિમારીઓ લાગુ પડી શકે.

આ ટોક્સીન્સ ઝેરને શરીરમાંથી બહાર કાઢવા. ડીટોક્સીફાય કરવા કાચા શાકભાજી અને ફળો ખૂબ ખાવા, એમાં પુષ્કળ એન્ટીઓક્સિડંટ અને ફાઇબર રેષા હોય જે શરીરમાંથી ટોક્સિન્સ બહાર કાઢે છે. સવારના પહેલા ૨-૩ ગ્લાસ હુંફાળુ પાણી પીવું. આખા દિવસમાં બે થી અઢી લીટર પાણી પીવું જે ઝેર બહાર કાઢવાની ક્રિયાને બળ આપે છે, ટોક્સીન્સને બહાર ધકેલે છે. જે લોકોને પેટ બરાબર સાફ આવે છે, બહારના ખાદ્યો લેતા નથી, દારૂ, બીડી, સીગારેટ, ગુટકા જેવા વ્યસન નથી, કસરત, પ્રાણાયામ, ચાલવાનું, આખો દિવસ ઘરના કે મહેનતના કામ કરે છે. જે લોકોની ડીટોક્સ પ્રક્રિયા બરાબર છે તેમણે મહિને ૧ વાર ઉપરની જેમ કરે તો પણ ચાલે પણ જેઓ બહારનું ખાય છે, વ્યસન છે, સતત બેસી રહે છે, ઘરના કામકાજ કે મહેનતના કામ કે કસરત પ્રાણાયામ, ચાલવાનું કરતા નથી તેમણે શરીરમાંથી આ ટોક્સીન્સ-ઝેર કાઢવા રોજ આ પ્રક્રિયા કરવી જોઇએ આ ઉપરાંત ૧ કાંચનો કે સ્ટીલનો જગ પાણીથી ભરી તેમાં લીંબુની ૨ થી ૩ સ્લાઇસ કાપીને નાખવી. ૨ કલાક પછી આખો દિવસ એ પાણી પીવામાં વાપરવું. પાણી ઓછું થાય એટલે નવે ઉમેરવું બીજા દિવસે સવારે નવેસરથી બનાવી વાપરવું. આ પાણીથી શરીરના ટોક્સીન્સ બહાર નીકળશે, તાજગી લાગશે.

**૧૨) લીલી દ્રાક્ષ અને કાયાકલ્પ :** લીલી દ્રાક્ષ મીઠી, મધુરી સૌને ગમે એવી હોય છે. એમાં ભરપૂર વિટામિન્સ, ક્ષારો, ગ્લુકોઝ અને ફાયબર કુદરતે ભર્યા છે. ઘણી વખત તાવ, ઝાડા, ઉલ્ટી, પેટનો દુઃખાવો, ક્ષય, કેન્સર ચામડીના રોગ કે એવી જાતના ઘણા રોગોમાં મીઠી દ્રાક્ષ આખા દિવસમાં માફક આવે તે રીતે ખાઇ શકાય છે. દ્રાક્ષથી રોગ સામે લડવાની તાકાત વધી જાય છે, ઓછી મહેનતે ઘણા તત્વો શરીરને મળે છે, નવી તાકાત મળે છે, શરીરના કોષોમાં ચેતન આવે છે અને નવા કોષો ઉત્પન્ન થાય છે. જેનો અવાજ ઘોઘરો હોય, ફાટી જતો હોય, ઉંચે બોલવાથી, ગાવાથી, અવાજ અવારનવાર બેસી જતો હોય તો ૨ થી ૩ માસ દ્રાક્ષનું સેવન કરવું. દિવસમાં ૧-૨વાર દુધમાં હળદર નાખી લેવું અને જેષ્ઠીમધના શીરાના નાના નાના ટુકડા દિવસમાં અવારનવાર ચુસવા, પરદેશમાં ઘણા લોકો ૩ થી ૬ મહિના એકલી દ્રાક્ષ પર રહીને શરીરનો કાયાકલ્પ કરે છે. આપણા દેશના ઉરૂલીકાંચનમાં પણ ઘણા રોગો પર દર્દીને એકલી દ્રાક્ષપર ૧ થી ૪ મહિના રાખીને તેના રોગને મટાડી. શરીરનો મીની કાયાકલ્પ કરે છે. આપણે પણ ઘરે આ પ્રયોગ કરી શકીએ. પહેલા ૨ થી ૩ દિવસ હરડે કે એરંડીયાથી પેટ સાફ કરી પછી માફક આવે તેટલી દ્રાક્ષ આખા દિવસમાં ખાવી. બીજુ કાંઇ ન લેવું. દિવસમાં પાચન થાય તે રીતે કટકે કટકે ૧ થી ૨ કિલો દ્રાક્ષ ખાઈ શકાય. ૨ થી ૪ મહિના આ પ્રયોગ કરી શરીરમાં જૂના ઘર કરી ગયેલા કબજીયાત, જીર્ણજ્વર, ચામડીના, આંતરડાના, ફેફસાના, મગજના જ્ઞાનતંતુની નબળાઇના, નાની ઉંમરે સફેદવાળની બિમારીમાં ખૂબ ફાયદો મેળવી શકાય. હા. એકલી દ્રાક્ષપર જીંદગીભર રહી શકાતુ નથી. કારણ શરીરને જરૂરી બીજા ઘણા તત્વો દ્રાક્ષમાં નથી. દ્રાક્ષનો ઉપયોગ કરી કાયાકલ્પ કરો.

## જૈન ફાઉન્ડેશન, કોચીની વિવિધલક્ષી સેવા પ્રવૃત્તિઓ







૧) કેરલના અટ્ટપાડી (પહાડી આદિવાસી કોલોની, મુક્કાલી વિસ્તાર) જરૂરીયાત મંદોને ૧૦૦૦ (હજાર) કિલો ચોખાનું વિતરણ કરવામાં આવ્યું.

૨) ઘટતી જતી ચકલી (House Sperrow)ની સંખ્યા વધારવા તથા એમના સંરક્ષણને ધ્યાનમાં રાખી Govt H.S. પન્યપલ્લી કોચીનમાં વિદ્યાર્થીઓને માટીના આર્ટીફીશીયલ માળા તથા પાણી માટે માટીના પરબનું વિતરણ કરવામાં આવ્યું.

૩) કોચીનમાં રસ્તા ઉપર સૂતા વૃધ્ધ ભિક્ષુઓને કમ્બલ તથા સ્વેટરનું વિતરણ કરવામાં આવેલ.

૪) પ્રોજેકટેડ પોસ્ટ તથા રસ્તાની વચ્ચે ડેન્જર મિડિયન પર ઘણા ઠેકાણે રિફલેક્ટર લગાડી ને વાહનોને અકસ્માતથી બચાવવા, બેલગોડા, કર્ણાટકમાં ૩૭૦ રિફલેક્ટર Bottle neck road on Railway Bridge, Sharp Curve તળાવના ખતરનાક વળાંક ના સાઇડની રેલિંગ પર રિફલેક્ટર લગાડવામાં આવ્યા.

૫) ઝાડમાં ફસાયેલા પક્ષીઓનું બચાવ કાર્ય - ૫૫ ફીટની ઉંચાઇ પર અટકેલા ઘણા પક્ષીઓને બચાવવા માટે ક્રેનનો ઉપયોગ કરવામાં આવ્યો.

૬) પ્લાસ્ટીક નેટમાં ફસાઇ જતા સાપો તથા ગટરમાં સપડાઇ જતા કૂતરાઓનું બચાવ કાર્ય કરવામાં આવ્યું. અકસ્માતમાં ઘાયલ થયેલી ગાયનું ઇલાજ કાર્ય ચાલુ છે.

૭) પાંજરામાં ઠસોઠસ ભરાયેલા વેચાવા માટે લાવેલા પોપટોને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની પરવાનગીથી બચાવીને આકાશમાં મુક્ત કરાયા.

**- ભાવના મુકેશ લોડાયા**, કોચી

---

## આચાર નો અમલ




જૈન ધાર્મિક શિક્ષણ શિક્ષિકા માતુશ્રી રીટાબેન કિશોર મૈશેરી રાપર ગઢવાલાની દિકરીનું ઉચ્ચિત ઠેકાણે સુખદ સગપણ થયું. એક દિકરી! અને મા, દિકરીમાં જૈન ધર્મના ઉચ્ચ સંસ્કારો !મા ધાર્મિક શિક્ષક, એમની એ સમજ, સહજ કે, દિકરા દિકરીના લગ્ન પ્રસંગેની ખરીદીએ દેવાધિદેવ માટે અંગલૂછણા કેસર ચંદન અગરબત્તી સાથે જિનાલયને ઉપયોગી ઉપકરણની ખરીદી કર્યા પછીજ લગ્ન ખરેદી કરવી એ ધર્મ વિવેકનો પહેલો એકડો છે અને હું તો ધાર્મીક ટીચર ! હું જો વર્તનમાં ના લાઉં તો બાળકોને ક્યા મોઢે આ વિવેક - શણગારે અલંકૃત કરું ? ભાંડુપ આદીનાથ દાદા દેવાલયમાં બીરાજીત મુનીસુવ્રત દાદાની મા-દિકરી નિત્ય નવે અંગ પૂજા કરે. અરે.. એ કૃપાધિરાજના તથાસ્તુએ તો ''મેહુલા'' નું સગપણ થયું એ એમનું માનવું ! દાદા પૂજનના નવ અંગ સોનાના કરાવું તો દિકરીનું લગ્ન જીવન સુવર્ણમય રહેશે એવા ભાવ સહ પિતાશ્રી સ્વ. કિશોરભાઈની અંતીમ ઇચ્છાને માથે ચઢાવી રીટા બહેને શ્રી સંઘની હાજરીમાં સુવર્ણના તેર ટીલડા ચડાવતા ભાવધમે'' ઝૂકી તો જવાય ને ?

**- લહેરચંદ વેલજી મૈશેરી**, ભાંડુપ

### જાહેરાત આપનારાઓને નિવેદન

પ્રકાશ સમીક્ષામાં જાહેરાતની મેટર ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલાવતી વખતે એક જવાબદાર વ્યક્તિનો મોબાઈલ નંબર અવશ્ય મોકલવો જેથી આવશ્યક હોય ત્યારે સંપર્ક સાધી શકાય.

## ચૈત્ર માસની શાશ્વતી ઓળી

ઉપરોક્ત ચાતુર્માસીય ગુરૂદેવોની તારક નિશ્રામાં સંઘમાતા શ્રી કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા, સાંધવવાળા પરિવાર તરફથી આ સળંગ ૧૯મી ઓળીએ નિત્ય ઉછળતા ભાવે આયંબીલ અને પારણાં કરાવવામાં આવ્યા. તપઆરાધકોની વૈયાવચ્ચ મધુબેન ડાઘા, શોભનાબેન મોમાયા, અનીતા પટેલ, ઉષાબેન મૈશેરી, તોરલબેન દંડ, મિહિર લોડાયા, તારાબેન નાગડા, નિખીલ અને નિરવ મોતા આદીએ કરી. તપસ્વીઓએ નવપદની પૂજા ભણાવી. નિત્ય પ્રભાવના થતી. લોડાયા પરિવારે પણ આકર્ષક પ્રભાવના કરી. સંઘ તરફથી શ્રી લહેરચંદ મૈશેરીએ લોડાયા પરિવારના અનેકાનેક સત્કાર્યોની બીરદાવલી કરતાં મહાજનશ્રીના મંત્રી શ્રી ચેતન ખીમજી મોમાયાએ લોડાયા પરિવારના શ્રી જયશ્રીબેન દંડ, શ્રી મનીષાબેન બકુલ પાટીલ અને શ્રી નરેશ સોની ને સંઘના સોનેરી તિલક વધાવતાં વૈયાવચ્ચ કમિટીના બેહનોએ શ્રીફળ, હાર અને શાલ ઓઢાળી બહુમાન કર્યું. શ્રી જયશ્રીબેને આભારનો ભાર હળવો કર્યો.

સા.શ્રી નવકાર પ્રિયાશ્રીજી મ.સા. વ્યાખ્યાને ‘નવ પદ’ અને સિધ્ધચક્રની સમજ પૂર્વક આરાધનાએ નવ પદનું શ્રાવક ધર્મ મહિમા મહત્ત્વનું તત્વ અને ગુઢાર્થ સમજાવી તુષ્ટ પુષ્ટ કરતા શ્રીપાળ મયણાના સિધ્ધચક્રની આરાધના અને રસીક વાતો સમજાવી, અહોભાવ ઉભો કર્યો. રાસની અનેક ઘટનાઓને ખૂબી પૂર્વક રજુ કરી રસ અને રૂચીની રંગોળીઓ પૂરી. ગિરનાર તીર્થે આયંબીલ કરતા સૌ તપસ્વીઓ તથા પીર પરિવારની શુભેચ્છક અનુમોદના કરતાં લહેરચંદભાઈએ કહ્યું કે તપાચારની આ ઘટના જ્ઞાતિ અને ગચ્છમાં પ્રથમ છે.

– **શ્રી લહેરચંદ વેલજી મૈશેરી**, લાલા-ભાડુંપ

**પ્રકાશ સમીક્ષાનો બેન્ક એકાઉન્ટ નંબર બદલાયો છે.**

પ્રકાશ સમીક્ષાના અરિહંત બેંકમાં ખાતા નંબર અને બ્રાંચનું સ્થળ બદલાયાં છે જેની કૃપયા નોંધ લેશોજી.

For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 004003000002 |
| Name of the Bank | : Shri Arihant Co-op Bank Ltd. |
| Branch | : Chinch Bunder, Mumbai - 400 009. |
| IFSC Code | : ICIC00ARIHT (after ICIC it is zero zero) |
| MICR Code | : 400800005 |
| Name of the Account | : Shri C D O Prakash Samiksha Samiti |



## શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ – ૩૭૦૬૪૦.**

શ્રી જખૌ પાંજરાપોળ અને ગૌશાળામાં આપ સૌ ના સાથ સહકાર અને ઉદાર આર્થિક સહયોગ અને દાન થી ૨૦૩ મૂંગા પ્રાણીઓ પશુઓનો સુંદર નિભાવ રહ્યો છે. દાન માટેની ‘‘વાર્ષિક સહાયતા યોજના’’ ને દાતાઓનો પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો છે. અત્યારસુધી કુલ ૭૧ દાતાઓએ દાન આપેલ છે / આપી રહ્યા છે / જાહેર કરેલ છે. ૬૯ દાતાના નામ પ્રકાશ સમીક્ષામાં જણાવેલ છે. ત્યારબાદ નીચેના દાતાઓનો સહયોગ મળ્યો છે.

૭૦) રૂા. ૧૨,૦૦૦/- શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ, રાયપુર, ૭૧) રૂા. ૧૨,૦૦૦/- શ્રી પદમકુમાર પોલડીયા, ઘાટકોપર, મુંબઈ.

દાતાઓ તરફથી નીચે મુજબ અન્ય દાન મળેલ છે : ૧) રૂા. ૫૦,૦૦૦/- શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી ટ્રસ્ટ, ખરેકબજાર, મુંબઈ, ૨) રૂા. ૫૦,૦૦૦/- શ્રી કોઈમ્બતુર જૈન શ્વે.મુ.પૂ. સંઘ, કોઈમ્બતુર ૩) રૂા. ૨૧,૦૦૦/- શ્રી મણિકાન્ત ઠાકરશી લોડાયા, જખૌ-મુલુંડ, ૪) રૂા. ૧૧,૦૦૦/- ભગવાન વર્ધમાન શ્વે.મુ.પૂ.ટ્રસ્ટ, મુલુંડ-મુંબઈ, ૫) રૂા. ૯૦૦૦/- શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ, રાયપુર (રૂા. ૧૨,૦૦૦, + રૂા. ૯,૦૦૦, કુલ રૂા. ૨૧૦૦૦), ૬) રૂા. ૧૦,૦૦૦/- શ્રી જલારામ સત્સંગ મંડળ, મુલુંડ, ૭) રૂા. ૯,૦૦૦/- શ્રી વીલેપાર્લે (ઈ) અચલગચ્છ જૈન સંઘ, મુંબઈ, ૮) રૂા. ૭,૦૦૦/- શ્રી મહાવીરસ્વામી જૈન શ્વે.મુ.પૂ. દેરાસર, ખેતવાડી ૯મી ગલી, મુંબઈ, ૯) રૂા. ૭,૦૦૦/- શ્રી ઝવેરી મહાજન મોતી ધરમનો કાંટો, મુંબઈ, ૧૦) રૂા. ૫,૦૦૦/- શ્રી ઋષભદેવજી મહારાજ જૈન દેરાસર, ચેમ્બુર, મુંબઈ, ૧૧) રૂા. ૫,૦૦૦/- શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર, પાયધુની,મુંબઈ, ૧૨) રૂા. ૫,૦૦૦/- શ્રી હરહરવાલા બિલ્ડીંગ શ્વે, જૈન સંઘ, ગોલદેવલ,મુંબઈ, ૧૩) રૂા. ૫,૦૦૦/- શ્રી કોડાય પાંજરાપોળ ટ્રસ્ટ, કોડાય, કચ્છ, ૧૪) રૂા. ૩,૦૦૦/- શ્રી ચેમ્બુર અછલગચ્છ જૈન સંઘ, મુંબઈ, ૧૫) રૂા. ૨,૧૦૦/- શ્રી ગોડી પાર્શ્વ શ્વે. જૈન સંઘ, ચિત્રદુર્ગ, કર્ણાટક, ૧૬) રૂા. ૨,૦૦૦/- શ્રી જુહુ જૈન સંઘ, જુહુ, મુંબઈ

દાતાઓ દ્વારા નીચેની વિગતે ચારો ભેટ મળેલ છે : ૧) રાયડો ચારો મણ ૬૦) અભડા રાજુભા સતુભા, જખૌ, ૨) રજકો ગાડી-૧, ભાનુશાળી સમાજ, જખૌ. સર્વે દાતાઓનો ટ્રસ્ટ બોર્ડ અંતકરણપૂર્વક આભાર વ્યક્ત કરે છે. પાંજરાપોળને અપાતું દાન ઇન્કમ ટેક્સ કલમ ૮૦ જી મુજબ રાહત પાત્ર છે. દાતાઓને મૂંગા જીવોને શાતા બક્ષી જીવદયાના ઉમદા કાર્યમાં દાન આપવા વિનંતી છે.

દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે. **Banking Details :** **દાતાઓનો ખૂબ ખૂબ આભાર**

**Name : Sri Jakhau Panjrapol Trust & Gaushala**

**Dena Bank**, M.G. Road, Mulund West. Mumbai : 400080. A/C # SB – 00 94 100 30 652 IFSC Code: BKDN 046 00 94.

**Dena Bank**, Naliya Branch. Kutch A/c # 107110001096 IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ – થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

**તા.ક.: ઑડિટ રિમાર્કના કારણે શ્રી અરિહંત બેંકનું ઍકાઉન્ટન્ટ બંધ કરેલ છે.**

# જા કે ન આયે જો દિન, દિલ ક્યોં બુલાએ ઉન્હેં

**એક માણસે મૃત્યુદંડ પામતા પહેલાં 'ઓ દુનિયા કે રખવાલે' ગીત સાંભળવાની ઈચ્છી કરી હતી. એક કલાકાર માટે આનાથી મોટી કમાણી બીજી કઈ હોઈ શકે?**



સ્મૃતિનું પણ એક સત્ય હોય છે. પદ્મશ્રી મહંમદ રફીની કારકિર્દીનો વ્યાપ લગભગ ચાર દાયકા સુધી વિસ્તરેલો હતો, પણ તેમના ગયાને આજે ત્રીસથી વધુ વર્ષો થઈ ગયાં છે, છતાં આજે પણ મહંમદ રફી સૌથી વધુ સંભળાતા ગાયક છે - તેઓ નથી તેમ કેવી રીતે કહી શકાય? હજારો ગીતો ગાઈને એક વિક્રમ સ્થાપનાર મહંમદ રફીએ ભારતની પંદર અને ચાર વિદેશી ભાષાઓમાં શાસ્ત્રીય સંગીત, ભજન, કવ્વાલી, ગઝલ જેવા પ્રકારોમાં અત્યંત લોકપ્રિય ફિલ્મી અને ગૈરફિલ્મી ગીતો ગાયાં છે.

રોમેન્ટિક ગીતો તો રફીનાં જ. તરુણ વયના નાદાન રોમાન્સથી માંડી પ્રણયની મધુર મસ્તી, છેડછાડ, લાડ, પ્રેમનું તત્ત્વજ્ઞાન અને વિરહનું ઊંડું દર્દ આ બધું તેમનાં રોમેન્ટિક ગીતોમાં છે. પ્રેમ જ નહીં, જિંદગીના તમામ ભાવોને તેમણે આવરી લીધા છે. તેમની રેન્જ ખૂબ મોટી હતી. દિલીપકુમાર, દેવ આનંદ, શમ્મી કપૂર, રાજેન્દ્રકુમાર, સુનીલ દત્ત, વિશ્વજીત, જૉય મુખર્જી, ધર્મેન્દ્ર, શશી કપૂર, રાજકુમાર જેવા ૫૦-૬૦ના દરેક સ્ટારને માટે તેમના ટેમ્પરામેન્ટને અને સ્ટાઈલને અનુરૂપ સદાબહાર ગીતો તેમણે આપ્યાં છે. 'મધુબન મેં રાધિકા નાચે' જેવું શાસ્ત્રીય ગીત હોય કે 'આ જા આજા મૈં હૂં પ્યાર તેરા' જેવું રમતિયાળ ગીત હોય, 'આપ કે પહલૂ મેં આ કર રો દિયે' જેવું ઉદાસ ગીત હોય કે પછી 'સર જો તેરા ચકરાયે' જેવું રમૂજી ગીત હોય, 'દેખી જમાને કી યારી' જેવું દર્દભર્યું ગીત હોય કે પછી 'અય્યય્યા કરું મૈં ક્યા સુકુ સુકુ' જેવું તોફાની ગીત હોય, 'મન તડપત' જેવું ભક્તિગીત હોય કે પછી 'કર ચલેં હમ ફિદા' જેવું બલિદાનનું ગીત હોય - મહંમદ રફી બધું જ ગાઈ શકે.

૧૯૬૩માં બનેલી યાદગાર ફિલ્મ 'દિલ એક મંદિર'નું ગીત 'યાદ ન જાયે બીતે દિનોં કી' મહંમદ રફીનાં શ્રેષ્ઠ ગીતોમાંનું એક કહી શકાય તેવું છે. તમિલ ફિલ્મ 'નેન્જીલ ઓરે અલયમ' પરથી બનેલી આ ફિલ્મની પછીથી તેલુગુ, કન્નડ અને મલયાલમ આવૃત્તિ પણ બની હતી. કહાણી એવી છે કે સીતા (મીનાકુમારી) રામ (રાજકુમાર) ને કૅન્સરની સારવાર માટે હૉસ્પિટલમાં લઈ આવે છે. તેનો કેસ સીતાના ભૂતકાળના પ્રેમી ડૉ. ધર્મેશ (રાજેન્દ્રકુમાર) ને સોંપાય છે. સીતાને શંકા છે કે ધર્મેશ તેના પતિની સારવાર બરાબર નહીં કરે. રામ બન્ને વચ્ચેની વાતચીત સાંભળી સીતાને કહે છે કે મારા મૃત્યુ પછી તું ધર્મેશ સાથે લગ્ન કરી લેજે. આ તરફ ડૉ. ધર્મેશ ભૂખ-તરસ-ઊંઘ-આરામની પરવા કર્યા વગર રામ પર થનારા જોખમી ઑપરેશનની તૈયારીમાં લાગી જાય છે. અંતે રામ તો બચી જાય છે, પણ ગજા બહારનો

*મૈં જરા જ્યાં હાથમાં તરણું લીધું, રોમરોમે ગામનું ખેતર ઊગ્યું,*
*સૌ કહે છે જન્મ બાળકનો થયો, હું કહું છું કે લીલુંછમ ઘર ઉગ્યું.*
*- ડૉ. દિના શાહ (વડોદરા)*

શારીરિક-માનસિક શ્રમ ડૉ. ધર્મેશનો જીવ લઈ લે છે. દરેક પાત્ર આદર્શ હોય અને તેમની લાગણીઓ વચ્ચે સંઘર્ષ થાય તેવા દોરની આ ફિલ્મમાં રાજેન્દ્રકુમારને બેસ્ટ સપોર્ટિંગ ઍક્ટરનો એવૉર્ડ મળ્યો હતો. આ ગીત તેના પર જ ફિલ્માવાયું છે, જેમાં પરાઈ થઈ ચૂકેલી પ્રિયતમાની યાદથી ઊઠતા નિરુપાય દર્દનો ચિત્કાર છે. મીનાકુમારી અને રાજકુમારનો અભિનય પણ ઉમદા છે. સંગીતકાર શંકર-જયકિશનનાં અન્ય ગીતો ‘દિલ એક મંદિર હૈ’, ‘જૂહી કી કલી મેરી લાડલી’, ‘રુક જા રાત’, ‘હમ તેરે પ્યાર મેં સારા આલમ’ પણ ઘણાં સુંદર છે.

૧૯૪૪માં મુંબઈ આવ્યા બાદ મહંમદ રફીનો પરિવાર ભીંડીબજારની એક ચાલમાં રહેતો. શાયર તનવીર નકવી તેમને ફિલ્મોમાં લઈ આવ્યા. ૧૯૪૮માં મહાત્મા ગાંધીની હત્યા થઈ. મહંમદ રફી, હુસ્નલાલ ભગતરામ અને રાજેન્દ્ર ક્રિષ્નની ટીમે રાતભર જાગીને ‘સુનો સુનો એ દુનિયાવાલોં બાપુ કી યે અમર કહાની’ ગીત તૈયાર કર્યું. આ ગીત ગાવા માટે સ્વાતંત્ર્યદિને વડા પ્રધાન પં. જવાહરલાલ નહેરુએ મહંમદ રફીને આમંત્રણ આપી બોલાવ્યા અને તેમને સિલ્વર મૅડલ આપ્યું. ૧૯૪૯માં નૌશાદ સાથે સોલો ગીતો ગાયાં અને છવાઈ ગયા. મહંમદ રફી પહેલાં નૌશાદના પ્રિય ગાયક તલત મહેમૂદ હતા. એકવાર રેકૉર્ડિંગ વખતે તેને સ્મોકિંગ કરતા જોઈને નૌશાદ ગુસ્સે થયા અને ‘બૈજુ બાવરા’નાં બધાં ગીતો રફી પાસે ગવડાવ્યાં. નૌશાદ માટે રફીએ દોઢસો જેટલાં ગીતો ગાયાં છે.

એસ. ડી. બર્મન સાથે દેવ આનંદ અને ગુરુદત્ત માટે ‘પ્યાસા’, ‘કાગઝ કે ફૂલ’, ‘તેરે ઘર કે સામને’, ‘ગાઈડ’, ઉપરાંત રાજેશ ખન્ના - અમિતાભ માટે ‘આરાધના’ અને ‘અભિમાન’માં, શંકર-જયકિશન સાથે રાજેન્દ્રકુમાર, શમ્મી કપૂર જેવા કલાકારો માટે ‘બસંત બહાર’, ‘પ્રોફેસર’, ‘જંગલી’, ‘સૂરજ’, ‘બ્રહ્મચારી’, ‘એન ઈવનિંગ ઈન પેરિસ’, ‘દિલ તેરા દિવાના’, ‘યકીન’, ‘પ્રિન્સ’, ‘લવ ઈન ટોકિયો’ વગેરેમાં ગીતો ગાયાં. રવિના સંગીતમાં ગાયેલાં ‘નીલકમલ’ના ‘બાબુલ કી દુઆએં લેતી જા’ માટે તેમને નેશનલ એવૉર્ડ મળેલો. લક્ષ્મીકાંત-પ્યારેલાલ, મદન મોહન અને ઓ.પી. નૈયર સાથે પણ તેમણે ઘણાં ગીતો ગાયાં. કિશોરકુમાર માટે ‘અજબ હૈ દાસ્તાં તેરી એ ઝિંદગી’ અને ‘મન મોરા બાવરા’ ગીતનું પ્લેબૅક રફીએ આપેલું. પછીથી કિશોરકુમારની ગાયક તરીકેની કારકિર્દી માટે તેઓ મદદરૂપ થતા રહેતા. આવી જ મદદ મહેન્દ્ર કપૂરને પણ કરી હતી.

વર્ષો સુધી ટોચ પર એકચક્રી શાસન હોવા છતાં મહંમદ રફી નમ્ર, શિસ્તબદ્ધ અને સૌમ્ય હતા. જેટલા ઉમદા કલાકાર તેટલા જ ઉમદા ઈન્સાન. રૉયલ્ટી માટેના લતા મંગેશકરના આગ્રહ સામે ‘આપણે ગીત સર્જતાં નથી, માત્ર ગાઈએ છીએ અને તેને માટે મોંમાગી કિંમત સંગીતકારો આપે છે, પછી રૉયલ્ટી શા માટે ?’ કહી લતા મંગેશકરનો રોષ અને બૉયકૉટ મક્કમતાથી વહોરી લીધાં. તે બાબત કડવાશ પણ ન રાખી.

છૂપી રીતે લોકોને મદદરૂપ થવું તે તેમનો સ્વભાવ હતો. સંગીતકાર નસીર બઝમી પાસે પૈસા નહોતા ત્યારે રફીએ એક રૂપિયાની ફી લઈ તેમના માટે ગાયું હતું. લક્ષ્મીકાંત કહેતા, ‘રફી બદલાની આશા રાખ્યા વિના મદદ કરે છે.’ સંગીતકાર રાજેશ રોશન તેમને ‘સરળ, અહંકાર વિનાના અને ઉષ્માભર્યા માણસ’ તરીકે વર્ણવે છે. મહેન્દ્ર કપૂર કહેતા, ‘રફી વગર હું અધૂરો રહ્યો હોત.’ તેઓ પાર્ટીઓમાં જતા નહીં. શરાબ કે

*જગતને તો જુઠ્ઠા અભિનય ગમે છે, મને કોઈ શિશુનું વિસ્મય ગમે છે.*
*મને તો હૃદય પર ભરોસો છે પૂરો, તને દરવખત કેમ સંશય ગમે છે.*
*નહીંતર તો આ વિશ્વ જીતી લઉં પણ, મને તારા હાથે પરાજય ગમે છે.*

સિગારેટ પીતા નહીં, નિયમિત રિયાઝ કરતા અને પરિવારપ્રેમી હતા.

૧૯૭૦માં તેઓ બીમાર પડ્યા. કિશોર કુમારનો સિતારો બુલંદ બન્યો, છતાં તેમનાં ગીતો આવતાં રહ્યાં. ૧૯૭૭માં 'ક્યા હુઆ તેરા વાદા' માટે તેમને નેશનલ અને ફિલ્મફેર બન્ને એવૉર્ડ મળ્યા.

૩૧ જુલાઈ ૧૯૮૦ના દિવસે હાર્ટ ઍટેકથી તેમનું અવસાન થયું. તેમનું છેલ્લું ગીત હતું 'શામ ફિર ઉદાસ હૈ' - ફિલ્મ 'આસપાસ'. તેમની અંતિમ યાત્રામાં ૧૦,૦૦૦થી વધુ લોકો સામેલ થયા હતા. તેમના જન્મદિન અને મૃત્યુદિને આજે પણ તેમના ચાહકો તેમની કબર પર જાય છે. તેમનાં ગીતો પ્રત્યક્ષ-પરોક્ષ રીતે અન્ય ભાષાઓમાં વપરાતાં રહે છે.

તેમનાં ઉત્તમ ગીતોનું એક લિસ્ટ બનાવવાની ઘણી કોશિશ કર્યા પછી અંતે સમજાયું કે હજારો શ્રેષ્ઠ ગીતોમાંથી ૨૦-૨૫ની પસંદગી કરવાનું કામ અસંભવ તો છે જ સાથે તેમની પ્રતિભાને અન્યાય કરવા જેવું પણ છે.

એક માણસે મૃત્યુદંડ પામતાં પહેલાં 'ઓ દુનિયા કે રખવાલે' ગીત સાંભળવાની ઈચ્છા કરી હતી. એક ગાયક કલાકારની જિંદગીની આનાથી મોટી કઈ કમાણી હોઈ શકે ?

*('છૂ કર મેરે મન કો' માંથી સાભાર)*

## નાની, મીઠી જરૂરીયાત

દિવસમાં ઓછામાં ઓછું એક વાર અમારી કાળી બિલાડી અમારામાંના કોઈ એક પાસે એક ખાસ અપેક્ષાથી આવે છે. અને એવી રીતે આવે છે કે અમને બધાને એની સમજ પડે. જ્યારે એને ખાવાનું કે બીજી કોઈ ચીજ જોઈતી હોતી નથી ત્યારે એની માગણી એક બીજી ખાસ ચીજ માટે હોય છે.

જો તેને કોઈનો ખોળો ખાલી દેખાય તો તે કૂદીને ત્યાં ગોઠવાઈ જાય. જો તેમ ન હોય તો તમે એને ખોળામાં બેસવા ન કહો ત્યાં સુધી તે તમને એક ખાસ નજરથી જોતી ઊભી રહે. ખોળામાં બેસવા મળે એટલે એ તમને પોતાની પીઠ પર, ગળા પર હાથ પસારવા અને લાડનાં વાક્યો બોલવા પ્રેરે. ત્યાર પછી એ સામ્રાજ્ઞીની અદામાં આવી જાય. 'મ્યાંઉ'નો મીઠો અવાજ કરી, મોટી મોટી આંખો પૂરેપૂરી ખોલી પોતાની ખાસ રીતે પોતાનો પ્રેમ અને વિશ્વાસ જાહેર કરે.

પછી તે શાંત થાય અને ખોળામાં એકાદું ઝોકું ખાઈ લે. અથવા તો ખોળામાંથી ઊતરી, તે પૂરેપૂરી સ્વસ્થતા અને તૃપ્તિ સાથે પોતાના કામે લાગી જાય.

મારી દીકરી સાદા શબ્દોમાં કહે છે, 'બ્લેકીને લાડ કરાવવા છે.' બ્લેકીને જ નહીં આપણને સૌને પ્રેમની, લાડની જરૂર હોય છે. તેને ઉંમર સાથે કોઈ સંબંધ નથી. એક શિક્ષક અને એક પિતા હોવાના નાતે હું બાળકો સાથે વધુ સંપર્કમાં હોઉં છું. તેમની જરૂરિયાતોને સમજું છું. તેમને ભેટી પડવું, હાથ પકડવો, ખોળામાં સૂઈ જવું, એક ચાદરમાં ભરાવું ગમે છે. આવું થાય ત્યારે તેમને ભય લાગે છે કે કંઈ ખોટું થયું છે એવું આપણને લાગે છે, પણ એવું કશું હોતું નથી. આ તેમનો સ્વભાવ હોય છે.

બાળકો માટે મારે ઘણું બધું કરવું છે, પણ જો મારે કોઈ એક જ ચીજ કરવાની હોય તો હું આ કરું : હું દરેક બાળકને દિવસમાં કમસેકમ એક વાર તો ખૂબ લાડ કરું !

*- ફ્રેડ ટી. વિલહેલ્મ્સ*

*ગુમાવી દીધું જો બધું તો થયું શું? તને પામવાનો આ નિશ્ચય ગમે છે.*
*દિના ફૂલની નમ્રતાની હું ચાહક, મને જે ગમે તે સવિનય ગમે છે.*
*- ડૉ. દિના શાહ (વડોદરા)*

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ભલારા પરિવારની પેડી

૧-૪-૨૦૧૮ના શ્રી મોમાઇ મા ને નમતા નલિયા ગામના મોમાયા - ભલારા પરિવારની ૧૪મી સમુહ પેડી અ.સૌ. મનોરમાબેન રૂપમ મણીલાલ મોમાયા ઘાટકોપર વાળાના સહયોગથી મુલુંડ (વેસ્ટ)માં રાખવામાં આવેલ. ભાવના શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ ભણાવેલ.

### શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલી

૧૩-૦૩-૨૦૧૮ના મંડળ દ્વારા મહીલા મંગલ મંચનો ઓપન બસથી મુંબઈ દર્શનનો નિઃશુલ્ક કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ. બપોરના બહેનો ટ્રેનમાં અંતાક્ષરી, જોક્સ ને અવનવી ગેમો રમતા. સીએસટી પહોંચ્યા હતા. ત્યાંથી ઓપન બસ દ્વારા ૭૯ સભ્યોએ શ્રી અનંતનાથ દાદાની જય બોલાવીને શુભ પ્રસ્થાન કર્યું હતું. મુંબઈ દર્શનમાં આર.બી.આઇ, મ્યુઝિયમ, મંત્રાલય, નરીમન પૉઇન્ટ, મરીન ડ્રાઇવ, ગીરગામ ચોપાટી, નાના ચોક, તારદેવ, હાજીઅલી, કલાનગર, વરલી સી લીંક, અને હુતાત્મા ચોક જેવા સ્થળોની સમય સંજોગોનુસાર મુલાકાત લીધી હતી. વિશેષ આનંદ સાંજના સી લીંકની લાઇટીંગ ને તેનો અદ્‌ભૂત નજારો જોઇને થયો હતો.

ડોંબિવલીથી ડોંબિવલી રીર્ટન ટ્રેન ટીકીટ, પાણીની બોટલ, ચા-કૉફી, નાસ્તો, સાંજના ચૌવિહારને આઇસ્ક્રીમની વ્યવસ્થા મંડળ તરફથી કરવામાં આવેલ. મહીલા મંચની સભ્ય બહેનો ૭૬, ચેરમેન શ્રીમતી ભાવના ભરત મોમાયા, ખજાનચી શ્રી મુકેશ ખીમજી વીકમશી, વ્યવસ્થાપક સમિતિના સભ્ય શ્રી વિપુલ લખમશી મોમાયા, બધા મળીને ૮૧ જણ હતા. શ્રી વિપુલભાઈએ સુંદર ફોટોગ્રાફી કરી હતી. રાત્રે ૮.૩૦ કલાકે ડોંબિવલી સુખરૂપ પરત પહોંચ્યા હતા.

### શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીના પ્રમુખશ્રી શ્રી અતુલ ડુંગરશી ધરમશી (સુથરી)એ રાજીનામું આપતા એમની ખાલી પડેલ જગ્યા ઉપર શ્રી હેમંત રમેશ ધુલ્લા (તેરા)ની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ તેમજ સહમાનદ મંત્રીની ખાલી થયેલ જગ્યા ઉપર શ્રી મનોજ દેવચંદ ખોના (ગોરખડી)ની સહમાનદ મંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. પ્રમુખશ્રી, સહમાનદ્ મંત્રીને કમીટીના સર્વે મેમ્બરોને અભિનંદન સહ ધન્યવાદ.

### મોટી સિંધોડીમાં શ્રી નેમિનાથ જિનાલય ધ્વજા મહોત્સવ

૧૭-૪-૨૦૧૮ના બપોરના અઢાર અભિષેક તથા ૧૮-૪-૨૦૧૮ના ૧૨.૩૯એ ધ્વજારોહણનું કાર્યક્રમ સ્થાનિકે યોજવામાં આવેલ છે. સ્થાનિકે રહેવા તથા જમવાની દરેક સગવડ સંઘ તરફથી કરવામાં આવશે. સૌ ગામવાસીઓ, નિયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ. સાધર્મિક ભક્તિ માટે દાતા આવકાર્ય.

### શ્રી લાલા મહાજનશ્રીની વાર્ષિક સભા

ગુડી પડવાના દિવસે શ્રી લાલા ચંદ્રપ્રભુ જિનાલય અને મહાજન ટ્રસ્ટની સભા પ્રમુખશ્રી લહેરચંદ દામજી મૈશેરીના ઉપક્રમ ભાંડૂપ સ્થાને યોજાઇ. પધારેલ સૌ સભ્યોને કુ. જિનાંગી અને કુ. સ્તુતિ મૈશેરીએ સંઘના સોનેરી તિલકે વધાવી શ્રી સંઘ પૂજન કર્યું. નવકાર મંત્રના પઠન બાદ અ.સૌ. ચાંદની પરેશ લાલકાએ સૌને આવકારે આવકાર્યા.

શ્રી દિલીપ દંડે ગત મિટીંગનો અહેવાલ વાંચી. મહાજનશ્રીએ કરેલ ઉલ્લેખનીય કાર્યો જિનાલય જિર્ણોધ્ધાર અતિથીગૃહ રીપેરીંગ, પર્યુષણ પર્વ તથા ધ્વજા મહોત્સવ ઇલેક્ટ્રીક કામ, સંડાસ-બાથરૂમ નિર્માણ, ગાદલા, તકીયા, ટેબલ, ખુરશીએ, મહાજનવાડી રીપેરીંગ ચૈત્ય પરિપાટી જેવા સંખ્યાબંધ કાર્યોનો ઉલ્લેખ કર્યો. શ્રી મુકેશ મૈશેરીએ સૌને વધાઇ આપી. યુવા ટીમના જુસ્સાને બીરદાવી સાધારણ ખાતાને સધ્ધર કરવા સુચારૂ યોજનાઓને વધાવી લઈ સાથ આપવા અપીલ કરી. શતાબ્દી વરસે સાધારણ ખાતામાં


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / રવિવારે બંધ **Sunday Closed**

Originally at Zaveri Bazar since 1976


### પાસ થયા અભિનંદન



CA **દેવાંશી હિરેન પ્રતાપશી દંડ**

સુથરી - પરેલ

CA ની પરિક્ષા પાસ કરી છે.

લખાવેલ રૂા. ૧૧૧૧૧ ની રકમ જેમની બાકી હોય તેમને સત્વરે ભરવા વિનંતી કરી. મહાજનશ્રીએ પર્વમાં સૌને પધારવા આમંત્રણ આપ્યું. ઉમળકાભેર સભાનું સંચાલન રહ્યું.

'ગુરૂજી અમારો અંતરનાદ અમને આપો આશીર્વાદ' સ્લોગનના જૈનોના ચારેય ફિરકાઓમાં નિત્ય બાલાઇ રકર્ડ કર્યો છે ! જેના રચયીલા ''લાલાના લહેરચંદભાઈ'' છે એ આપણાં મહાજનશ્રીનું ગૌરવ વધાર્યું હોઇની જાહેરાત મુકેશભાઇએ કરતા પ્રમુખશ્રી એલ.ડી. માસ્તરે કવીરાજનું ઉચ્ચિત સન્માન કરી શુભેચ્છા અર્પી.

### વીર જન્મ કલ્યાણક મહોત્સવ, ભાંડુપ

પૂ. સા. શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા. અને સા. શ્રી નવકારપ્રિયાશ્રીજી મ.સા. આદી ઠાણા બે ની ધાર્મિક નિશ્રામાં ચૈ.શુ. ૧૩ના શ્રી સંઘના ઉપક્રમે શ્રી ક.દ.ઓ. મહિલા સ્નાત્ર મંડળે ભારી ઉમળકે સ્નાત્ર પૂજા ભણાવી. આંગી રચવામાં આવી મા. શશીકલા શ્રીકાંત ધરમશીએ શાંતી કળશનો લાભ લીધો. રૂા. ૨૦ની પ્રભાવના થઈ.

બૃહદ ભાંડુપ જૈન સંઘો દ્વારા સવારના ભવ્ય શોભાયાત્રા નીકળી. યાત્રા દરમ્યાન અનુકંપાએ સેવ-બુંદીની પ્રભાવના કરવામાં આવી. શ્રી અનંતનાથજી ટ્રસ્ટે આ સતકાર્યે શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ નિઃશુલ્ક આપતા સૌ સંઘો સાથે ટ્રસ્ટની અનુમોદના કરવામાં આવી. ભારી સંખ્યામાં ''રક્તદાન'' પણ કરવામાં આવ્યું.

'ગુરૂજી અમારો અંતરનાદ' સ્લોગનકર્તા કવીરાજ શ્રી લહેરચંદ મૈશેરી થકી ભાંડુપનું ગૌરવ વધ્યું હોઇ તેઓશ્રીને સકળ સંઘો દ્વારા સન્માનીત કરાયા. ૨૧૦૦ શ્રાવક શ્રાવિકાઓએ સ્વામી ભક્તિનો લાભ આપ્યો.

### મહેતાજી હિરેનભાઈ લોડાયાનું સન્માન

ભાંડુપ આદેશ્વર જિનાલય અને અનંત સિદ્ધિ મકાન, હૉલ, અતિથીગૃહ વગેરેનું કશળ સંચાલન અને વહીવટ કર્તા મહેતાજી શ્રી હિરેન શીવજી લોડાયા, વારાપધર વાલાએ અંગત કારણોએ રજા લેતાં શ્રી ક.દ.ઓ. જૈન સંઘના શ્રી મનોજ લોડાયા, ગિરીશભાઈ લોડાયા, વિપુલ પોલડીયા, ફાલ્ગુન ખોના અને લહેરચંદભાઈ મૈશેરીએ ઉચ્ચિત સન્માન કરી શુભેચ્છા વિદાય આપી હતી. શ્રી લહેરચંદભાઈએ તેઓશ્રીની નિષ્ઠા, ન્યોછાવરી, ચીવટ, ચાંવત, હોશિયારી સમયની ચોક્કસતા અને કાર્યની પારદર્શકતાની પ્રશંસા કરી હતી.

### છુટા છેડા

**ચિ. હર્ષિત** (શા. ભરત લક્ષ્મીચંદ દૌલત),
ગામ : સેવક ભરૂડીયાના સુપુત્ર **અને ચિ. સ્નેહા** (શા. શૈલેન્દ્ર શરદ શૈઠી),
ગામ : ભોપાલની સુપુત્રી) તારીખ : 03-08-2017

### શ્રી ભલારા ઓલિમ્પિક ૨૦૧૮ ઉત્સાહપૂર્વક સંપન્ન

શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા આયોજિત જોય પ્રેઝેન્ટસ ભલારા ઓલિમ્પિક ૨૦૧૮ની શરૂઆત ૨૪ માર્ચના રાત્રે મુલુંડ(વેસ્ટ) સ્થિત તથાસ્તુ હૉલથી થઈ હતી. (ત્યારબાદ આ ઓલિમ્પિકના આગળના તબક્કાનું) અને વિશેષ આયોજન તા.૨૮ થી ૩૦ માર્ચ દરમ્યાન લાલપુર ગામે કરવામાં આવ્યું હતું. મણિકાંત ધુલ્લા અને જયંત છેડાના માર્ગદર્શન દોરી સંચાર કરવામાં આવ્યો હતો. સ્પર્ધાઓની વ્યવસ્થા સ્પીડી સ્ટ્રોકના જીગર દિલીપ નાગડા, મીત કિર્તીકુમાર નાગડા, રાહુલ વિજય મૈશેરી અને વિનીત નરેશ ખોના તેમજ વીરચંદભાઈ લોડાયા અને મહેશભાઈ દંડ દ્વારા કરવામાં આવી હતી. મુંબઈ તથા દેશ દેશાવરથી કે.ડી.ઓ. જ્ઞાતિજનો અને આમંત્રિતો લાલપુર જેવા નાના ગામમાં એકત્ર થયા હતા. જ્યાં પ્રથમવાર આવા રમતોત્સવનું આયોજન થયું હતું. (૨૮ માર્ચના) ખો-ખો, કબડ્ડી, ચેસ, કેરમ, બેડમિન્ટન, બેઝ બોલ અને રાત્રે બોક્સ ક્રિકેટનું, મેરેથોન, ફૂટબોલ અને વોલીબોલ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિવિધ ૧૧ ગેમ્સમાં કુલ ૬૯૦ રમતવીરોએ ભાગ લીધો હતો. લાલપુર ગામમાં વિવિધ સ્કૂલના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. તા.૩૦ માર્ચના રાત્રે ઈનામ વિતરણ સમારંભ અને લોકડાયરા સાથે આ રમતોત્સવ સંપન્ન થયો હતો. આ આયોજનનું વિશેષ આકર્ષણ ઓલિમ્પિકની પરેડ રહ્યું હતું. ઓલિમ્પિક પરેડ મશાલનું પ્રજ્વલન ડેપ્યુટી કલેક્ટર જે.એમ.ભોરણીઆ સાહેબ અને સરપંચશ્રી સમીરભાઈ ભેસદડીઆના હસ્તે થયું હતું.




લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જગદીશ રાયશી ગોશર**<br>(PS 348) | બી/૪૦૨, તિરૂપતી હાઈટ્સ, એટીઆઈની સામે, વી. એન. પુરવ માર્ગ, ચુનાભઠ્ઠી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨. મો. : જગદીશ ૦૯૮૨૧૦ ૧૪૩૩૧, પ્રતિભા ૦૯૮૭૦૦ ૯૪૩૩૧ ફોન : ૦૨૨-૨૪૦૫ ૧૫૦૭ |
| **મહેન્દ્ર મણીલાલ દંડ**<br>(PS 1378) | ડી-૧૦૧/૧૦૨, વર્ધમાન નગર, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : ૦૨૨-૨૫૬૮ ૫૩૦૮ મો.: ૦૯૯૬૭૯ ૭૬૨૮૮ |
| **ગિરીશ મણીલાલ શાહ (નાગડા)**<br>(PS 1637) | ૯૦૫/૯૦૬ ઓપલ, નિર્મલ લાઈફ સ્ટાઈલ, ફેસ-૧, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. મોઃ ગિરીશ ૦૯૮૨૧૦ ૪૪૮૭૭, ચારૂ ૦૯૮૨૧૧ ૧૭૭૪૪ |
| **મેહુલ કિરીટ નાગડા**<br>(PS 7268) | એ/૫૦૪, સંસ્કારધન પ્લાઝા, હેમા હોસ્પીટલની ઉપર, જે. એન. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૦૯૯૮૭૪ ૪૨૦૨૭ |
| **ભવાનજી વેલજી લોડાયા (સોમચંદ)**<br>(PS 2107) | ૧૧૦૧, ચંદન કો.હા.સો., ચાફેકર બંધુ માર્ગ, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૧. મો.: ૦૯૮૬૭૧ ૭૦૭૯૪ |
| **નિતીન હિરાચંદ શાહ (નાગડા)**<br>(PS 6676) | હિરાકાંત નિવાસ, ગિરાડ રોડ, નવી કોર્ટની પાછળ, થેપાડે નગર, પાચોરા - ૪૨૪ ૨૦૧. મો.: ૦૯૯૬૦૨ ૨૫૭૯૮ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૪-૧૮ | - | પ્રિયંક, ભાવિકા અખિલ મોમાયા | વરાડીયા | પુત્ર |
| ૦૧-૦૪-૧૮ | - | પ્રિયલ, ભાવિકા અખિલ મોમાયા | વરાડીયા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૪-૧૮ | ઘાટકોપર | રાજ મુકેશ લક્ષ્મીચંદભાઈ દંડ (શાહ) | લાલા | ૨૬ |
| | અમદાવાદ | પૂજા રમેશ કેશવજી નેણશી મોતા | લાખણિયા | ૨૫ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૩-૧૮ | ગુરગાંવ | અંકિત અશોક શુક્લા | અલીગઢ | ૨૪ |
| | વડોદરા | કિન્નરી ધીરેન મૈશેરી | કુઆપધર | ૨૪ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૩-૧૮ | ચુનાભઠ્ઠી | નીરવ જગદીશ રાયશી ગોશર | બાયઠ | ૨૬ |
| | કાંદિવલી | સોની ઈન્દ્રસેન સૂબેદાર સિંહ | આઝમગઢ | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૪-૧૮ | ડોમ્બીવલી | હંસરાજ વીરજી વિકમશી | વારાપધર | ૭૬ |
| ૦૨-૦૪-૧૮ | જખૌ | ધનબાઈ હેમરાજ શિયાલ | જખૌ | ૮૨ |
| ૦૫-૦૪-૧૮ | - | કલ્પના ભરત લાલજી લોડાયા | વારાપધર | ૫૬ |
| ૦૫-૦૪-૧૮ | કાંજુરમાર્ગ | નીના ભરત શામજી છેડા | નલિયા | ૬૧ |
| ૦૬-૦૪-૧૮ | મુલુંડ | રેખા હીરાચંદ રાયચંદ કાંનજી ધુલ્લા | સુથરી | ૬૨ |
| ૦૬-૦૪-૧૮ | સાંતાક્રુઝ | ઝવેરીબાઈ કુંવરજી લોડાયા | જખૌ | ૮૫ |
| ૦૭-૦૪-૧૮ | ઘાટકોપર | સુશીલાબેન રસિકલાલ દામજી માલદે (ડાઘા) | દલતુંગી | ૫૮ |



॥ શ્રી અજિતનાથાય નમઃ ॥

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

## દેરાસર સર્વ સાધારણ નિભાવ ફંડની નામાવલી દરેકના રૂા. ૩,૦૦૦/-

### વર્ષ ૨૦૧૮–૨૦૧૯ (તા. ૧/૪/૨૦૧૮ થી તા. ૩૧/૩/૨૦૧૯)

૧. મા. હિરબાઈ શામજી લાપસીયા, પુના
હસ્તે બંકીમચંદ્ર શામજી લાપસીયા
૨. મા. સુશીલાબેન બંકીમચંદ્ર લાપસીયા, પુના
હસ્તે બંકીમચંદ્ર શામજી લાપસીયા
૩. મા. જયાબેન નરશી ભાણજી લાપસીયા, મુલુંડ
૪. શ્રી નરશી ભાણજી લાપસીયા, મુલુંડ
૫. મા. સોનબાઈ જેઠાલાલ લાપસીયા, મુલુંડ
૬. શ્રી જેઠાલાલ રાયશી લાપસીયા, મુલુંડ
૭. મા. સોનબાઈ દામજી લખમશી માલદે, ઘાટકોપર
૮. સ્વ. શ્રી મુલચંદ દામજી લખમશી માલદે, ઘાટકોપર
૯. મા. વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા, મુલુંડ
૧૦. શ્રી ડુંગરશી શામજી લાપસીયા, મુલુંડ
૧૧. મા. સોનબાઈ રાયચંદ કરમશી લોડાયા, ડોંબિવલી
૧૨. શ્રી રાયચંદ કરમશી લોડાયા, ડોંબિવલી
૧૩. મા. મણીબેન હિરજી નાંયાભાઈ માલદે, ડોંબિવલી
૧૪. મા. સોનબાઈ શામજી પેથરાજ શિયાલ, ડોંબિવલી
૧૫. સ્વ. શ્રી કીરીટ શામજી પેથરાજ શિયાલ, ડોંબિવલી
૧૬. મા. નિર્મળાબેન ચાંપશી લાપસીયા, ડોંબિવલી
૧૭. શ્રી ચાંપશી પદમશી લાપસીયા, ડોંબિવલી
૧૮. મા. રાજબાઈ શામજી લાપસીયા, દલતુંગી
૧૯. મા. વિજયાબેન હિંમતલાલ શિયાલ, જામનગર
૨૦. મા. પ્રેમાબેન ભવાનજી લોડાયા, ડોંબિવલી
૨૧. મા. વિજયાબેન કાંતીલાલ ભવાનજી લોડાયા, ડોંબિવલી
૨૨. શ્રી દિનેશ બાબુલાલ રાયશી લાપસીયા, ઘાટકોપર
૨૩. મા. નવલબેન જેતશી શિયાલ, ડોંબિવલી
૨૪. કુ. રેવા જતીન નરેન્દ્ર શિયાલ, ડોંબિવલી
૨૫. મા. વિજયાબેન મણીલાલ ત્રિકમજી ડાઘા, ગોરેગાંવ
૨૬. મા. સોનબાઈ ત્રિકમજી ડાઘા, ગોરેગાંવ
૨૭. અ. સૌ. ઉર્જા વિકાશ લુઠીયા, અમેરિકા
૨૮. મા. કાંતાબેન વેરશી લોડાયા, મુલુંડ
હસ્તે રીટા હિતેશ લોડાયા
૨૯. મા. ધનલક્ષ્મીબેન પાસુભાઈ લાપસીયા, ગોરેગાંવ
૩૦. શેઠશ્રી જયંતીલાલ કેશવજી નાંયાભાઈ માલદે, ડોંબિવલી
૩૧. શ્રી અશોકભાઈ કેશવજી નાંયાભાઈ માલદે, ડોંબિવલી
૩૨. મા. મણીબેન ગોવિંદજી ગાંગજી લાપસીયા, દલતુંગી
૩૩. મા. લક્ષ્મીબેન લખમશી લોડાયા, ઘાટકોપર
૩૪. શ્રીમતી પ્રેમીલાબેન જયંતિલાલ શિયાલ, મુલુંડ
૩૫. શ્રી ભાણજી ત્રિકમજી ડાઘા, ડોંબિવલી
૩૬. શ્રી ડુંગરશી શામજી નાંયાભાઈ માલદે, ડોંબિવલી
૩૭. મા. રાજબાઈ ડુંગરશી શિયાલ, સાંતાક્રુઝ
૩૮. મા. નિર્મળાબેન ભવાનજી ગાંગજી લાપસીયા, ડોંબિવલી
૩૯. મા. લક્ષ્મીબેન હિરજી લખમશી માલદે, મુલુંડ
૪૦. મા. પુરબાઈ લખમશી લોડાયા, ચેંબુર
૪૧. મા. જશવંતીબેન સુરેશ લોડાયા, ચેંબુર
૪૨. મા. જયવંતીબેન માણેકજી લધાભાઈ શિયાલ, મુલુંડ
૪૩. શ્રી પ્રવિણભાઈ રાયશી ધરમશી, મુલુંડ
૪૪. કુ. મીનલ પ્રવિણભાઈ રાયશી ધરમશી, મુલુંડ
૪૫. મા.જયાબેન પુનશી લખમશી માલદે, મુલુંડ
૪૬. મા. પુષ્પાબેન રજનીકાંત માલદે, થાણા
૪૭. શ્રી મહેશભાઈ વિશનજી લોડાયા, કાંજુરમાર્ગ
૪૮. મા. પાનબાઈ ધનજી વેલજી લોડાયા, મસ્જિદબંદર
૪૯. મા. તારાબેન વિરજી ડાઘા, ડોંબિવલી
૫૦. મા. લાખબાઈ લીલાધર ગાંગજી લાપસીયા, નાંદેડ
૫૧. શ્રીમતી શાંતાબેન શામજી ગાંગજી લાપસીયા, પુર્ના
૫૨. શ્રીમતી ઉષાબેન અશોક બાબુલાલ લાપસીયા, ડોંબિવલી
૫૩. મા. સરલાબેન જયચંદ લાપસીયા, મુલુંડ-ચેકનાકા
૫૪. મા. સોનબાઈ રતનશી શામજી લાપસીયા, જોધપુર
૫૫. શ્રીમતી રેણુબેન ઝવેરચંદ રતનશી લાપસીયા, જોધપુર
૫૬. મા. પુષ્પાબેન રમેશચંદ્ર લાપસીયા, બેંગલોર
૫૭. મા. મેનાબેન ચંદુલાલ લાપસીયા, હૈદરાબાદ
૫૮. મા. માધુરીબેન ભાયચંદ કેશવજી ડાઘા, વડાલા
૫૯. શ્રીમતી સુમનબેન અશ્વિન ભાણજી લોડાયા, ડોંબિવલી
૬૦. શ્રી ત્રિકમજી લધાભાઈ શિયાળ, સાંગલી
૬૧. શ્રી લક્ષ્મીચંદ રતનશી લોડાયા, યલવીગી-કર્નાટક
હસ્તે દિનેશભાઈ
૬૨. શ્રી રમેશ ડુંગરશી ધરમશી ડાઘા, લાતુર
હસ્તે જયેશભાઈ
૬૩. શ્રી કમલેશભાઈ મણીલાલ મોતા, મસ્જિદબંદર
૬૪. મા. લક્ષ્મીબેન લાલજી માલદે, ડોંબિવલી
હસ્તે ચંપાબેન ચંદુલાલ માલદે
૬૫. મા. લીલબાઈ લાલજી કેશવજી લોડાયા, ડોંબિવલી
૬૬. મા. ગુણવંતીબેન હિરજી શામજી લાપસીયા, ઉદયપુર
હસ્તે નીતીનભાઈ
૬૭. મા. ચંદ્રાબેન હરિશભાઈ નવીનચંદ્ર લાપસીયા, હૈદરાબાદ
૬૮. મા. રતનબેન લખમશી ગાંગજી લાપસીયા, ડોંબિવલી
૬૯. મા. કાંતાબેન કરમશી ખીમજી ડાઘા, ઔરંગાબાદ
૭૦. મા. લક્ષ્મીબેન કાંતીલાલ ધારશી શિયાળ, વિરાર
૭૧. મા. સરલાબેન ઉત્તમચંદ શામજી માલદે, દલતુંગી
૭૨. મા. જેતબાઈ જેતશી ધુલ્લા, હૈદરાબાદ
હસ્તે ધીરજલાલભાઈ
૭૩. મા. જેતબાઈ જેતશી ધુલ્લા, હૈદરાબાદ
હસ્તે હિરાચંદભાઈ
૭૪. મા. નિર્મળાબેન વિશનજી હિરજી દંડ પરિવાર
૭૫. શ્રીમતી વિણાબેન પ્રવિણ વિશનજી દંડ પરિવાર, U.S.A.
૭૬. શ્રી નવીનચંદ્ર વર્ધમાન જેઠાભાઈ માલદે, લાતુર
હસ્તે દર્શન નવિનચંદ્ર
૭૭. શ્રી કુંવરજી ખીમજી ડાઘા, ડોંબિવલી
હસ્તે સુરેશભાઈ
૭૮. મા. વિરબાઈ મણશી વિરપાર ડાઘા, ડોંબિવલી
હસ્તે શૈલેશભાઈ
૭૯. શ્રી પુનશી ધરમશી ખોના પરિવાર, દાદર
૮૦. મા. નેણબાઈ દામજી શિયાલ, ડોંબિવલી
૮૧. શ્રી પ્રફુલ ચાંપશી શિયાલ, ભાંડુપ
૮૨. શ્રી નરેશ ચાંપશી શિયાલ, ભાંડુપ
૮૩. શેઠશ્રી ભાણજી મેગજી લોડાયા, વડાલા
૮૪. મા. દેવકાબેન ભાણજી લોડાયા, વડાલા
૮૫. મા. જયાબેન રાયચંદ મેગજી લોડાયા, વડાલા
૮૬. શ્રી પુનશી તથા કાનજી ગોવિંદજી ધુલ્લા, વડાલા
૮૭. શ્રીમતી વિમળાબેન રાયચંદ ધારશી શિયાલ, બોરીવલી
૮૮. મા. નેમલતાબેન સોમચંદ વિરજી લોડાયા, ભાવનગર
૮૯. મા. ઈન્દુબેન પાશ્વીર ત્રિકમજી ડાઘા, ડોંબિવલી
૯૦. ચી. ભુપેશ હરિશકુમાર ચાંપશી ડાઘા, સીરસી
૯૧. શ્રી મણીલાલ ધનજી શિયાલ, ઘાટકોપર
૯૨. શ્રીમતી લતાબેન મણીલાલ ધનજી શિયાલ, ઘાટકોપર
૯૩. મા. નિર્મળાબેન ટોકરશી મેઘજી શિયાલ, રાજકોટ
૯૪. શ્રી જેઠાલાલ મણસી વિરપાર ડાઘા, આણંદ
૯૫. શ્રી વિનોદ ભવાનજી લધાભાઈ લોડાયા, ડોંબિવલી
૯૬. શ્રી હિતેન્દ્ર હિરજી માલદે, ડોંબિવલી
૯૭. શ્રી નરેન્દ્ર કુંવરજી શિવજી દંડ, ડોંબિવલી
૯૮. શ્રીમતી કલાબેન કિશોરભાઈ લોડાયા, જામનગર
૯૯. મા. શાંતાબાઈ શાંતીલાલ શિયાલ, ડોંબિવલી
૧૦૦. મા. સરલાબેન પ્રવિણચંદ્ર લોડાયા, ડોંબિવલી
૧૦૧. મા. લક્ષ્મીબેન ચાંપશી માણેકજી ધુલ્લા, ફોર્ટ, મુંબઈ
૧૦૨. શ્રી સુભાષ જેતશી પદમશી માલદે, ભાઈંદર
૧૦૩. મા. ધનબાઈ કેશવજી નાંયાભાઈ માલદે, મુંબઈ
હ. હસમુખભાઈ તથા વસંતભાઈ
૧૦૪. મા. ધનલક્ષ્મીબેન વિશનજી ગાંગજી લાપસીયા, મુલુંડ
૧૦૫. મા. જેતબાઈ હિરજી વેલજી લોડાયા, ડોંબિવલી

**સર્વ દાતા પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના.....**

**બેંકની વિગત :**

બેંક નામ : શ્રી અરિહંત કો.ઓ. બેંક લી.
એકાઉન્ટ નં. : 004001002184
બ્રાચ : મસ્જિદ બંદર
IFSC Code No. : ICIC00ARIHT

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (09-04-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# સ્નેહપૂર્ણ શ્રદ્ધાંજલિ

૧૯ મી પુણ્યતિથી



**સ્વ. કેશવજી ખીમજી ડાઘા**
(દલતુંગી – ઘાટકોપર)
અરિહંત શરણ : ૨૯–૦૪–૧૯૯૯



૫ મી પુણ્યતિથી



**સ્વ. વિજયાબેન કેશવજી ડાઘા**
(દલતુંગી – ઘાટકોપર)
અરિહંત શરણ : ૦૧–૦૩–૨૦૧૩

પ્રથમ પુણ્યતિથી



જન્મ :
૨૨–૦૯–૧૯૫૩

અરિહંત શરણ :
૧૩–૦૪–૨૦૧૭

**સ્વ. શાંતિલાલ કેશવજી ડાઘા**

વહેતી રહે નિરંતર સમયની ધારા,
જીવન એવું જીવ્યા, ભુલ્યા ભુલાય નહીં....
સદા હસતાં ચહેરા રાખી, અનંત યાત્રાએ આદર્યું પ્રયાણ....
રહેશે નિરંતર તમારી સ્મૃતિ જ્યોત, અમ હૃદય માં....

સ્મરણકર્તા

**માતુશ્રી વિજયાબેન કેશવજી ડાઘા પરિવાર**
(દલતુંગી – ઘાટકોપર)

શ્રદ્ધાના સુમન અર્પણ કરે છે....

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,